MANOGAT • Year 45 • Issue 7 • 10 July 2026 • Jeth Vad 10, Samvat 2082 • Yugabd 5128 • Price : Rs. 5/- • Pages : 28

# मनोगत





## ૨૦૧૪ પહેલાં મોબાઈલ ફોન ભારતમાં બહારથી આવતા હતા આજે ભારત દુનિયાનું સૌથી મોટું બીજું મોબાઈલ મેન્યુફેક્ચરર અને સૌથી મોટું બીજું મોબાઈલ એક્સપોર્ટર બની ગયું છે

# નર્મદા પુરસ્કાર લાભાર્થી રાજ્યો મહારાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાન અને મધ્યપ્રદેશ વચ્ચે બાકી ચુકવણી મુદ્દાઓના સમાધાન માટે ઐતિહાસિક કરાર

નર્મદા પુરસ્કાર લાભાર્થી રાજ્યો મહારાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાન અને મધ્યપ્રદેશ વચ્ચે બાકી ચુકવણી મુદ્દાઓના સમાધાન માટે કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહની હાજરીમાં એક ઐતિહાસિક કરાર થયો છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ અને કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સીઆર પાટીલની હાજરીમાં, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી શ્રી દેવેન્દ્ર ફડણવીસ, ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, રાજસ્થાનના મુખ્યમંત્રી શ્રી ભજનલાલ શર્મા અને મધ્યપ્રદેશના મુખ્યમંત્રી ડૉ. મોહન યાદવે નવી દિલ્હીમાં કરાર પર હસ્તાક્ષર કર્યા. આ બેઠકમાં કેન્દ્ર સરકાર અને ચારેય રાજ્યોના વરિષ્ઠ અધિકારીઓ પણ હાજર રહ્યા હતા. આ કરાર મધ્યપ્રદેશ, ગુજરાત, રાજસ્થાન અને મહારાષ્ટ્ર રાજ્યો વચ્ચે સરદાર સરોવર પ્રોજેક્ટના નિર્માણ માટે ખર્ચ-વહેંચણી વ્યવસ્થા સંબંધિત લાંબા સમયથી ચાલી રહેલા વિવાદોના ઉકેલમાં એક ઐતિહાસિક સીમાચિહ્નરૂપ છે. કરાર હેઠળ, બાકી લેણાંના અંતિમ સમાધાન માટે કરવામાં આવનારી ચુકવણીઓ એક વખતના સમાધાન દ્વારા ઉકેલવામાં આવી છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે નર્મદા એવોર્ડ હેઠળ બાકી ચુકવણીનો મુદ્દો મહારાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાન અને મધ્યપ્રદેશ વચ્ચે લાંબા સમયથી વણઉકેલાયેલો હતો અને આજે તેનો સૌહાર્દપૂર્ણ ઉકેલ




આવી ગયો છે. શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં, જળ સુરક્ષાને મજબૂત કરવા અને જળ ક્ષેત્રમાં સહકારી સંઘવાદને પ્રોત્સાહન આપવા માટે અનેક ઐતિહાસિક પહેલો હાથ ધરવામાં આવી છે. તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી મોદીના નેતૃત્વમાં અનેક રાજ્યોમાં ડબલ-એન્જિન સરકારોની રચનાથી એકબીજાને સમજવાની ક્ષમતામાં વધારો થયો છે, રાજકીય મતભેદો ઓછા થયા છે અને દેશભરમાં ઘણા લાંબા સમયથી પડતર વિવાદોના ઉકેલને વેગ મળ્યો છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે આ મહત્ત્વપૂર્ણ આંતર-રાજ્ય પ્રોજેક્ટ પર વ્યાપક સર્વસંમતિ બનાવવા માટે મધ્યપ્રદેશ, ગુજરાત, રાજસ્થાન અને મહારાષ્ટ્ર સરકારો દ્વારા આપવામાં આવેલા રચનાત્મક સહયોગની પ્રશંસા કરી. શ્રી શાહે કહ્યું કે આ પ્રોજેક્ટથી ખાસ કરીને મધ્યપ્રદેશ, ગુજરાત અને રાજસ્થાનને ખૂબ ફાયદો થયો છે. તેમણે કહ્યું કે બંધ પૂર્ણ થવાથી, આ રાજ્યોના દરેક ભાગમાં પાણી અને વીજળી પહોંચી ગઈ છે. તેમણે વધુમાં કહ્યું કે રાજસ્થાનને મળતો લાભ પહેલી નજરે સામાન્ય લાગે છે, પરંતુ નર્મદાના પાણી મેળવનારા વિસ્તારોમાં જમીનના મૂલ્ય અને ખેડૂતોના ભાગ્ય બંનેમાં પરિવર્તન જોવા મળ્યું છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સીઆર પાટીલના નેતૃત્વમાં, સમગ્ર દેશમાં પાણી સંબંધિત વિવાદો અને પાણી વિતરણ સંબંધિત મુદ્દાઓ એક પછી એક ઉકેલાઈ રહ્યા છે. તેમણે કહ્યું કે હરિયાણા અને રાજસ્થાન વચ્ચેનો પાણી વિવાદ તાજેતરમાં ઉકેલાયો છે. શ્રી શાહે કહ્યું કે કિશાઉ ડેમ પ્રોજેક્ટનો મુદ્દો હોય, રાજસ્થાન અને હરિયાણા વચ્ચેનો પાણી વિવાદ હોય કે આજનો કરાર હોય, આ બધા સહકારી સંઘવાદના તેજસ્વી ઉદાહરણો છે. તેમણે કહ્યું કે, ગુજરાત હોય, મધ્યપ્રદેશ હોય, રાજસ્થાન હોય, હરિયાણા હોય કે મહારાષ્ટ્ર હોય, પાણી આખરે દેશના લોકો, ખાસ કરીને ખેડૂતોની સેવા કરે છે. શ્રી શાહે વધુમાં કહ્યું કે, દેશના કોઈપણ ભાગમાં પાણીનો ઉપયોગ થાય છે, તેનો અંતિમ લાભાર્થી ભારતીય જ હશે.

Year : 45, Issue : 7, Pages : 28





## તંત્રીસ્થાનેથી

# ઠેર-ઠેર વૃક્ષારોપણ દ્વારા વ્યક્તિથી સમષ્ટિ સુધીની સાંકળમાં પ્રકૃતિના પોષણ માટે આપણે સૌ કટિબદ્ધ બનીએ

પ્રિય કાર્યકર્તા બંધુ/ભગિની,

નમસ્કાર.

જેની આપણે સૌ કાગડોળે રાહ જોતા હતા તે વરસાદ આવી ગયો. અલનીનોની અસરના કારણે વરસાદ નહીં આવે અથવા આવશે તો તદ્દન ઓછો આવશે એવી અફવાઓની વચ્ચે પ્રથમ વરસાદ ધોધમાર વરસી ગયો. એક સાથે ૧૫ થી ૨૦ ઇંચ સુધીનો વરસાદ વરસે ત્યારે એક બાજુ જીવનજરૂરી પાણી – ખેતી માટેની જરૂરિયાત મળી જવાનો આનંદ આવે તો બીજી બાજુ એક સાથે સૂપડા કે સાંબેલાધાર વરસાદના કારણે જનજીવન પર ગંભીર અસરો પણ અનુભવાતી હોય છે.

માન. શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકાર આવી એ પહેલાંની પરિસ્થિતિ કંઈક એવી હતી કે ઓછા વરસાદથી માંડીને દુષ્કાળ સુધીની સ્થિતિ ગુજરાત પ્રત્યેક બીજા વર્ષે અનુભવતું હતું. પણ છેલ્લાં ૨૫ વર્ષથી વરસાદ તો સતત પડે છે પરંતુ તેની પેટર્ન પ્રત્યેક વખતે અલગ-અલગ અનુભવાય છે. આખી ઋતુમાં માત્ર થોડા દિવસો જ વરસે અને વરસે ત્યારે ધોધમાર વરસે છે. અગાઉ જોવા મળતી ૭ કે ૧૪ દિવસની ધીમી ધારે વરસતી 'હેલી' તો હવે વરસાદને પણ વિસરાઈ ગઈ હોય તેવું લાગે છે.

આ અનિશ્ચિતતાના મૂળમાં પ્રકૃતિનું પોતાનું જલ, વાયુ અને તાપમાનનું પરિવર્તન છે. અને આ પરિવર્તનનું કારણ એક બાજુ વિકસિત રાષ્ટ્રો દ્વારા થતું પ્રકૃતિનું શોષણ, વિકાસશીલ દેશો દ્વારા કરાતું પ્રકૃતિનું દોહન અને સમગ્ર માનવજાતે પ્રકૃતિનું જે રીતે પોષણ કરવું જોઈએ તે ન કરવાનું કૃત્ય જવાબદાર છે. આપણે સૌએ જો પ્રાકૃતિક આપદાઓથી બચવું હશે તો પ્રકૃતિને સમજીને, તેના સંવર્ધનની ચિંતા કરવી જ પડશે. પૃથ્વીનું 'ગ્રીન કવર' વધારવું એ આ સમસ્યાનું મૂળ સમાધાન છે. માટે જ આવો, ઠેર-ઠેર વૃક્ષારોપણ દ્વારા વ્યક્તિથી સમષ્ટિ સુધીની સાંકળમાં પ્રકૃતિના પોષણ માટે આપણે સૌ કટિબદ્ધ બનીએ. વૃક્ષારોપણના ઉત્તમ કાર્ય સાથે તેના ઉછેર માટેની પણ ચિંતા કરીએ. એક પેડ માઁ કે નામ અને ભારતમાતાના નામે પણ વૃક્ષો વાવીએ, તેને ઉછેરીએ તે પણ માતૃભૂમિની સેવા જ છે. એક કહેવત પ્રચલિત છે કે 'જે પોષતું તે મારતું' એ કહેવત પ્રકૃતિના સંદર્ભે તો સાવ અવળી છે. અતિ વરસાદ – અતિ ગરમીથી પ્રકૃતિ આપણને મારે છે, પરંતુ તેનું જો પોષણ કરીશું તો તે આપણને સાચા અર્થમાં બચાવશે.

પેલા સિંહણના જડબામાં પકડાયેલા માલધારીએ પોતાનો બીજો હાથ પ્રેમથી તેની ગરદન પર ફેરવ્યો અને સિંહણે તેને જવા દીધો – આ અદ્ભુત ઘટનાએ આપણને એ ઉત્તમ સંદેશ પણ ચોક્કસ આપ્યો છે કે પ્રકૃતિ સાથેના પ્રેમપૂર્વકના સારસંભાળભર્યા વર્તનથી ઉભયપક્ષે ન માત્ર સહઅસ્તિત્વની સુરક્ષા ઊભી થાય છે, સાથે – સાથે એકબીજાની ચિંતાથી પ્રકૃતિ પોતે પણ 'મારક' નહી 'પાલક' બની જાય છે. ચાલો, સુવિધાઓના પણ 'સાત્ત્વિક' ઉપયોગથી પ્રકૃતિની પૂજા કરતા રહીએ.

વંદે માતરમ્.

- સુરેન્દ્ર પટેલ

પત્રવ્યવહાર કાર્યાલય
**મનોગત પાક્ષિક**
ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ
દીનદયાળ ભવન, જે. પી. ચોક,
ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : ૦૭૯-૨૫૫૦૪૫૨૨
વૉટ્સઍપ નં. : ૬૩૫૧૯૫૯૦૯૪
E-mail : manogat.1980@gmail.com

તંત્રી મુદ્રક પ્રકાશક
સુરેન્દ્રભાઈ મોતીલાલ પટેલ ભારતીય જનતા પાર્ટી-ગુજરાત વતી ગુજરાત ઑફસેટ પ્રા. લિ., 'ઑફસેટ હાઉસ' સ્ટેશન રોડ, વટવા, અમદાવાદ-૩૮૨ ૪૪૦ ખાતે છપાવી ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ કાર્યાલય, દીનદયાળ ભવન, જે. પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧થી પ્રગટ કર્યું.

**Editor : Printer : Publishers :**
**Surendrabhai Motilal Patel** on behalf of Bharatiya Janta Party-Gujarat Pradesh Printed at **Gujarat Offset Pvt. Ltd.**, 'Offset House', Station Road, Vatva, Ahmedabad and Published from Bharatiya Janta Party-Gujarat Pradesh J. P. Chowk, Khanpur, Ahmedabad-380001



## સાણંદ ખાતે સેમિકન્ડક્ટરનું OSAT ફેસિલિટીનું ઉદ્‌ઘાટન



# ગુજરાતમાંથી દર વર્ષે અત્યારે ૨૦ કરોડ ચિપ્સનું ઉત્પાદન થશે અને આગામી વર્ષોમાં ૫૦૦ કરોડ ચિપ્સનો આપણો લક્ષ્યાંક છે – પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી

### ડિઝાઇન ઇન ઇન્ડિયા મેક ઇન ઇન્ડિયા

આજનો આ કાર્યક્રમ એ વાતનો પુરાવો છે કે ભારત જે નક્કી કરી લે છે, તે કરીને જ બતાવે છે. ૫ વર્ષ પહેલા ભારતે સંકલ્પ લીધો હતો કે દેશને સેમિકન્ડક્ટર હબ બનાવીશું. આપણે ડિઝાઇન ઈન ઇન્ડિયા, મેક ઇન ઇન્ડિયાના મંત્રને લઈને આગળ વધ્યા. અને આજે દેશના ત્રીજા સેમિકન્ડક્ટર પ્લાન્ટમાં પણ ચિપ પેકેજિંગનું કોમર્શિયલ પ્રોડક્શન શરૂ થઈ રહ્યું છે.

સાથીઓ, ૨૦૨૪માં આ પ્લાન્ટનો શિલાન્યાસ કરવાનો અવસર મને મળ્યો હતો. ૨૦૨૫ના ઓગસ્ટ મહિનામાં અહીં ટેસ્ટિંગ ચિપ્સનું કામ શરૂ થયું, અને આજે, આ પ્લાન્ટનું ઉદ્‌ઘાટન થઈ ગયું છે. શિલાન્યાસથી પ્રોડક્શન સુધીની આ સફર, ચોક્કસપણે અનેક સાથીઓના પરિશ્રમનું પરિણામ છે. સુબૈયા જી જેવા લોકોના નેતૃત્વનું પરિણામ છે. હમણાં મંચ પર આવતા પહેલાં, મને આ પ્રોજેક્ટ સાથે જોડાયેલા અનેક સાથીઓ સાથે વાતચીત કરવાનો પણ મોકો મળ્યો. એક રીતે એવું લાગે છે કે આ પરિસરમાં એક મિની ઇન્ડિયા વસે છે. દરેક ભાષાના, દરેક પહેરવેશના, દરેક ખાન-પાનના લોકો અહીં છે. એટલે કે એક અલગ જ પ્રકારનો માહોલ મેં અનુભવ્યો. પ્રદર્શનની મુલાકાત (Exhibition Visit) દરમિયાન પણ, મેં કેટલાય દીકરા-દીકરીઓ સાથે વાતચીત કરી. અને એક વાત જેનો હું બહુ ગર્વથી ઉલ્લેખ કરવા માંગીશ, આ બાળકોનું કોન્ફિડન્સ લેવલ (આત્મવિશ્વાસનું



સ્તર). જે આત્મવિશ્વાસથી તેઓ વાતો કરી રહ્યા હતા, ટેકનોલોજીના સંદર્ભમાં જે તેમનો કહેવાનો વિશ્વાસ હતો, તેનાથી ઓછામાં ઓછું હું તો ઇમ્પ્રેસ થઈ ગયો.

## દર વર્ષે ૨૦ કરોડ ચિપ્સ નીકળશે

સાથીઓ, સીજી સેમીનો આ પ્લાન્ટ, ભારત, જાપાન અને થાઇલેન્ડના અમારા ઇન્ડસ્ટ્રી પાર્ટનર્સના સહિયારા પ્રયાસોનું પણ પ્રતીક છે. આ માત્ર એક બિઝનેસ વેન્ચર નથી, આ ટેકનોલોજી, ભરોસા અને ભાગીદારીનું એવું મોડેલ છે, જે ભારતની સેમિકન્ડક્ટર જર્નીને નવી ગતિ આપવાનું છે. વીતેલાં સવા બે વર્ષમાં, આપ સૌએ સ્કેચથી સ્કેલ સુધી, આ આખી ફેસિલિટીને આકાર આપ્યો છે. આજે આપણે આના કોમર્શિયલ પ્રોડક્શનની શરૂઆત કરી રહ્યા છીએ. મને જણાવવામાં આવ્યું છે કે અત્યારે અહીંથી દર વર્ષે ૨૦ કરોડ ચિપ્સ નીકળશે. ૨૦ કરોડ, તમને લાગતું હશે કે મોદીજીએ ભૂલ કરી દીધી, ૨૦ લાખને ૨૦ કરોડ બોલી દીધા, એટલા માટે તાળી વગાડવામાં મોડું થઈ ગયું, ૨૦ કરોડ. અને મને જણાવવામાં આવ્યું છે કે આપ સૌ અહીં જ અટકવાના નથી. આપે દર વર્ષે ૫૦૦ કરોડ ચિપ્સનો લક્ષ્યાંક રાખ્યો છે. એટલે કે દરરોજ દોઢ કરોડથી વધુ. મારો પાકો વિશ્વાસ છે કે આપ તેને બહુ જ ટૂંક સમયમાં હાંસલ કરીને જ રહેશો. આ ભરોસો એ વાતનો પણ છે કે સેમિકોન ઇન્ડિયા પ્રોગ્રામ ઝડપી ગતિ પકડી

## વાણિજ્યિક ઉત્પાદનની શરૂઆત ભારતની સેમિકન્ડક્ટર ઉત્પાદન યાત્રામાં સીમાચિહ્નરૂપ – મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ



માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ ભારત ઝડપથી વૈશ્વિક સેમિકન્ડક્ટર હબ તરીકે ઊભરી રહ્યું છે. ફક્ત ૨૭ મહિનામાં ફાઉન્ડેશનથી વાણિજ્યિક કામગીરી સુધી, આ નોંધપાત્ર સિદ્ધિ ન્યુ ઇન્ડિયા વ્યૂહાત્મક ઉદ્યોગોનું નિર્માણ કેવી ગતિ, સ્કેલ અને નિશ્ચય સાથે કરી રહ્યું છે તે દર્શાવે છે. ટૂંકા ગાળામાં, આ સેમિકોન ઇન્ડિયા મિશન હેઠળ કાર્યરત થનારી ત્રીજી સેમિકન્ડક્ટર સુવિધા બની ગઈ છે, જે ભારતની ક્ષમતાઓમાં વૈશ્વિક ટેકનોલોજી નેતાઓના વધતા વિશ્વાસને મજબૂત બનાવે છે. ગુજરાત માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના પરિવર્તનશીલ વિઝનને વાસ્તવિકતામાં પરિવર્તિત કરવા માટે પ્રતિબદ્ધ છે. સમર્પિત સેમિકન્ડક્ટર નીતિ રજૂ કરનાર પ્રથમ રાજ્ય તરીકે, ગુજરાત ભારતની સેમિકન્ડક્ટર ક્રાંતિનું નેતૃત્વ કરવાનું ચાલુ રાખે છે અને સાણંદને વિશ્વ કક્ષાના સેમિકન્ડક્ટર ઉત્પાદન ક્લસ્ટરમાં સતત આકાર આપી રહ્યું છે.

સીજી સેમી દ્વારા વાણિજ્યિક ઉત્પાદનની શરૂઆત એક નવા અધ્યાયની શરૂઆત દર્શાવે છે. આ અદ્યતન OSAT સુવિધા ઓટોમોટિવ, ઔદ્યોગિક ઇલેક્ટ્રોનિક્સ, ટેલિકોમ્યુનિકેશન્સ, 5G, કન્ઝ્યુમર ઇલેક્ટ્રોનિક્સ અને AI જેવા ક્ષેત્રો માટે સેમિકન્ડક્ટર ચિપ્સનું પેકેજ અને પરીક્ષણ કરશે, જે ભારતના સેમિકન્ડક્ટર ઇકોસિસ્ટમ અને વૈશ્વિક સપ્લાય ચેઇનને મજબૂત બનાવશે.

વાર્ષિક ૨૦ કરોડ ચિપ્સની ઉત્પાદન ક્ષમતાથી શરૂ કરીને અને દર વર્ષે ૫૦૦ કરોડ ચિપ્સના લક્ષ્યાંક તરફ આગળ વધતા, ચિપ્સ ગર્વથી મેડ ઇન ઇન્ડિયા જાપાન, યુનાઇટેડ સ્ટેટ્સ, યુરોપ અને અન્ય ઘણા દેશોમાં બજારોને સેવા આપશે. આત્મનિર્ભર ભારત તરફ અને ભારતને વૈશ્વિક સેમિકન્ડક્ટર મૂલ્ય શૃંખલામાં અનિવાર્ય ભાગીદાર બનાવવાની દિશામાં આ બીજું એક મહત્ત્વપૂર્ણ પગલું છે.

CG SEMIની સમગ્ર ટીમને અભિનંદન. ગુજરાત સરકાર નવીનતા, અદ્યતન ઉત્પાદન અને વિકાસમાં ભાગીદાર તરીકે ગુજરાતને પસંદ કરતા દરેક રોકાણકારને ટેકો આપવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે. સાથે મળીને, આપણે એક એવું વિકસિત ગુજરાત બનાવી રહ્યા છીએ જે વિકસિત ભારત માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ યોગદાન આપે છે.



રહ્યો છે, સ્ટેપ બાય સ્ટેપ,બ્રિક્સ બાય બ્રિક્સ અને હવે ચિપ બાય ચિપ. હું, સીજી સેમીની આખી ટીમને, રાજ્ય સરકારને અને સમગ્ર દેશને ખૂબ-ખૂબ અભિનંદન આપું છું.

**૨૦ વર્ષ પહેલાં કદાચ તેનાથી પણ પહેલાં મેં ગુજરાતમાં સેમિકન્ડક્ટર પ્લાન્ટ લગાવવા માટે આખી યોજના બનાવી હતી**

સાથીઓ, મને જરા આ વાતનો થોડો આનંદ વધારે છે, તમને લાગતું હશે કે એવું તો શું થઈ ગયું કે મોદીજીને જરા આનંદ વધારે છે, તેનું કારણ એ છે કે ૨૦ વર્ષ પહેલાં, કદાચ તેનાથી પણ પહેલા મેં ગુજરાતમાં સેમિકન્ડક્ટર પ્લાન્ટ લગાવવા માટે આખી યોજના બનાવી હતી, ગાંધીનગર અને પ્રાંતિજ પાસે સાડા ત્રણસો, ચારસો એકર જમીન નક્કી કરી લીધી હતી, કેટલીક કંપનીઓ સાથે વાતચીત પણ કરી હતી, ભારત સરકાર પણ તે સમયે મોટાં-મોટાં નિવેદનો આપી રહી હતી, તો કેટલીક કંપનીઓ વાતચીત કરવા માટે આવતી પણ હતી, પરંતુ ખબર નહીં ભારત સરકારને તે સમયે શું થઈ ગયું, કે તેમના પગમાં બેડીઓ લાગી ગઈ, અને વાત આગળ ન વધી. આજે જ્યારે હું આ જોઉં છું તો મારું ૨૦-૨૨ વર્ષ જૂનું એ સપનું, અને તે સમયે દેશમાં આ વિષયોની ચર્ચા કોઈ કરતું નહોતું, અને હું જ્યારે કરતો હતો ત્યારે મીડિયાવાળા મારી મજાક ઉડાવતા હતા. તે સમયે ન થઈ શક્યું, પરંતુ આજે જ્યારે થઈ રહ્યું છે ત્યારે સૌથી વધુ ખુશી હું મારી અંદર અનુભવી રહ્યો છું. આપ જુઓ, હમણાં થોડાં અઠવાડિયાં પહેલાં સમાચાર આવ્યા. મને આશ્ચર્ય છે કે મીડિયાએ જેટલું તેના પર ધ્યાન આપવું જોઈતું હતું એટલું આપ્યું નહીં. ભારતમાં બનેલું C૨૯૫ વિમાન વડોદરામાં બન્યું અને હવામાં ઉડાન પણ ભરી. એક જમાનો હતો સાયકલ બનાવનાર પણ કોઈ આવી જાય ને તો આપણે મીઠાઈ વહેંચતા હતા. દોસ્તો, આજે હવાઈ જહાજ બનાવનારા આવી રહ્યા છે.

સાથીઓ, આપ સૌ જાણકાર લોકો અહીં બેઠા છો, હું જોઈ રહ્યો છું, બહુ બધા યુવા સાથીઓ પણ અહીં ઉપસ્થિત છે, આપણે જો દુનિયાના ઔદ્યોગિક ઇતિહાસને જોઈશું, તો એક વાત સ્પષ્ટ થાય છે. દુનિયાની કોઈ પણ ગ્લોબલ ઇન્ડસ્ટ્રિયલ પાવર, કોઈ એક એકલી ફેક્ટરીથી નથી બની. ઇન્ડસ્ટ્રિયલ પાવરનો પાયો ક્લસ્ટર્સ હોય છે. અમેરિકાની સિલિકોન વેલી, તાઇવાનનું શિન-ચુ સાયન્સ પાર્ક, જાપાનનું સિલિકોન આઇલેન્ડ, સુકુબા સાયન્સ સિટી, આ બધું ક્લસ્ટરના મહત્ત્વને દર્શાવે છે. આજે સાણંદ પણ તે જ દિશામાં પોતાના કદમ વધારી રહ્યું છે.

**ભારતમાં સેમિકન્ડક્ટર ઉદ્યોગનો વિસ્તાર એક દાયકામાં ભારતમાં આવેલી ઈલેક્ટ્રોનિક્સ ક્રાંતિનું આગળનું કદમ છે**

સાથીઓ, ગણતરીના મહિનાઓમાં જ અહીં માઇક્રોન, કેયાન્સ અને સીજી સેમીએ પ્રોડક્શન શરૂ કરી દીધું. એટલે કે દેશમાં એક સેમીકન્ડક્ટર ક્લસ્ટર જન્મ લઈ રહ્યું છે. અને આજે અહીં ચિપ્સનું પેકેજિંગ થઈ રહ્યું છે. કાલે અહીં વિશેષ કંપનીઓ આવશે, કેમિકલ્સનું ઉત્પાદન થશે, નવી ટેસ્ટિંગ લેબ્સ બનશે, મશીનોની સર્વિસ કરનારા ઉદ્યોગો આવશે, ડિઝાઇન સેન્ટર્સ ખૂલશે, અને પછી અહીંથી નવા સ્ટાર્ટઅપ્સ પણ નીકળશે. આ જ ક્લસ્ટરની તાકાત હોય છે. એક ઉદ્યોગ, સેંકડો ઉદ્યોગોને જન્મ આપે છે. સેંકડો ઉદ્યોગો, લાખો રોજગાર પેદા કરે છે. અને આ લાખો રોજગાર, સમગ્ર ક્ષેત્રની અર્થવ્યવસ્થા બદલી નાખે છે. અને આ માત્ર સાણંદમાં જ નથી થઈ રહ્યું, દેશનાં અનેક રાજ્યોમાં પણ સેમિકન્ડક્ટરના ક્લસ્ટર બની રહ્યા છે.

સાથીઓ, આજે ભારતમાં સેમિકન્ડક્ટર સેક્ટરના આ ઉભારથી બધા ઉત્સાહિત છે. દેશ-દુનિયામાં આની ચર્ચા થઈ રહી છે. મોટેભાગે લોકો આને આઇસોલેશનમાં (અલગથી) જુએ છે. પરંતુ એવું નથી. ભારતમાં સેમિકન્ડક્ટર ઉદ્યોગનો વિસ્તાર અચાનક નથી થયો. આ વિતેલા એક દાયકામાં, ભારતમાં આવેલી ઇલેક્ટ્રોનિક્સ ક્રાંતિનું આગળનું કદમ છે.

સાથીઓ, આપણે શરૂઆત મોબાઇલ ફોન મેન્યુફેક્ચરિંગથી કરી. એક સમય હતો જ્યારે ભારત પોતાની જરૂરિયાતનો પણ મોટાભાગનો સ્માર્ટ ફોન, મહત્તમ સ્માર્ટ ફોન, આપણે વિદેશથી જ મંગાવતા હતા. અને આજે ભારતમાં મોબાઇલ ફોન પ્રોડક્શન પહેલાની સરખામણીએ



# સેમિકન્ડક્ટર ક્ષેત્રે ગુજરાતમાં યુવાનો માટે રોજગારીની સુવર્ણ તકો – પ્રદેશ પ્રમુખ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા



બદલાતા ભારત અને વિકસિત ભારતની તસ્વીરમાં, સ્માર્ટફોનથી લઇને ઇલેક્ટ્રિક વાહનો તેમજ ડિફેન્સ સંબંધિત ઉપકરણો માટે સેમિકન્ડક્ટર ચિપ્સ ખૂબ જ જરૂરી છે. વૈશ્વિક ટેક્નોલોજીના ક્ષેત્રમાં સેમિકન્ડક્ટર ક્ષેત્ર વ્યૂહાત્મક રીતે મહત્ત્વપૂર્ણ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ હંમેશાં 'મેક ઇન ઇન્ડિયા' થકી આત્મનિર્ભર ભારતના નિર્માણ પર ભાર મૂક્યો છે. સેમિકન્ડક્ટર્સના વ્યૂહાત્મક મહત્ત્વને સમજીને આ ક્ષેત્રમાં ભારતને આત્મનિર્ભર બનાવવાના ઉદ્દેશથી વડાપ્રધાનશ્રીના માર્ગદર્શન હેઠળ ભારતમાં 'ઇન્ડિયા સેમિકન્ડક્ટર મિશન (ISM)' ની શરૂઆત કરવામાં આવી હતી. સેમિકન્ડક્ટર ક્ષેત્ર માટેના પ્રધાનમંત્રીશ્રીના વિઝનને ધ્યાનમાં રાખીને આજે ગુજરાત ભારતનું અગ્રણી સેમિકન્ડક્ટર હબ બન્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાતમાં આ ક્ષેત્ર માટે સમર્પિત સેમિકન્ડક્ટર પૉલિસી લોન્ચ કરવામાં આવી છે, અને આવી પૉલિસી શરૂ કરનારું ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય છે.

ઇન્ડિયા સેમિકન્ડક્ટર મિશન હેઠળ છ મોટા સેમિકન્ડક્ટર પ્રોજેક્ટ્સને મંજૂરી આપવામાં આવી છે. આ તમામ છ પ્રોજેક્ટ્સમાં મળીને અંદાજે ₹૧.૨૪ લાખ કરોડનું રોકાણ કરવામાં આવ્યું છે, અને તેમના થકી ગુજરાતમાં હજારો યુવાનો માટે રોજગારી પ્રાપ્ત થવાની છે.

ગુજરાતમાં મંજૂર થયેલા છ સેમિકન્ડક્ટર પ્રોજેક્ટ્સમાં ટાટા ઇલેક્ટ્રોનિક્સ, માઇક્રોન ટેક્નોલોજી, CG પાવર એન્ડ ઇન્ડસ્ટ્રિયલ સોલ્યુશન્સ, કેઇન્સ સેમિકોન, સુચી સેમિકોન અને ક્રિસ્ટલ મેટ્રિક્સનો સમાવેશ થાય છે. આમાંથી કેટલાક પ્રોજેક્ટ્સ કાર્યરત થઈ ચૂક્યા છે. માઇક્રોન ટેક્નોલોજી અને કેઇન્સ સેમિકોને સાણંદ GIDC ખાતે તેમની OSAT (આઉટસોર્સ્ડ સેમિકન્ડક્ટર એસેમ્બલી એન્ડ ટેસ્ટ) સુવિધાઓ સ્થાપિત કરી છે. તાજેતરમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ ગુજરાતના સાણંદમાં સીજી સેમી આઉટસોર્સ્ડ સેમિકન્ડક્ટર એસેમ્બલી એન્ડ ટેસ્ટ (OSAT) ફેસિલિટીનું ઉદ્ઘાટન કર્યું હતું. પ્રધાનમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, "અમે 'ડિઝાઇન ઇન ઇન્ડિયા' અને 'મેક ઇન ઇન્ડિયા' ના પાયાના મંત્ર સાથે સફળતાપૂર્વક આગળ વધ્યા છીએ."

માઇક્રોન, કેઇન્સ અને સીજી સેમી જેવી અગ્રણી કંપનીઓએ માત્ર થોડા મહિનામાં ગુજરાતમાં એકસાથે ઉત્પાદન શરૂ કર્યું છે. આગામી સમયમાં વિશિષ્ટ કેમિકલ ઉત્પાદકો, ટેસ્ટિંગ લેબ્સ, ડિઝાઇન સેન્ટર્સ અને ગતિશીલ નવા સ્ટાર્ટઅપ્સના આગમનની રોજગારીની તકોમાં અનેકગણો વધારો થશે. આપણી સેમિકન્ડક્ટર ચિપ્સ માત્ર ભારતમાં જ નહીં વપરાય, પરંતુ જાપાન, અમેરિકા અને યુરોપમાં પણ તેની નિકાસ થશે મોબાઈલ ક્ષેત્રે ભારતે વિશ્વના બીજા સૌથી મોટા ઉત્પાદક અને નિકાસકાર દેશ તરીકે સ્થાન મેળવ્યું છે. કુલ ઉત્પાદન વર્ષ ૨૦૧૪ ના સ્તરની સરખામણીમાં લગભગ ૭ ગણું વધ્યું છે, સાથે જ એકંદર નિકાસમાં પણ પ્રચંડ ઉછાળો આવ્યો છે. પ્રધાનમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, "પહેલા પ્રોડક્ટ, પછી કમ્પોનન્ટ્સ અને હવે સેમિકન્ડક્ટર; આ મેક ઇન ઇન્ડિયાનો નિર્ણાયક આગામી તબક્કો છે."

ઇકોસિસ્ટમના ભવિષ્યના તબક્કાઓનો નકશો રજૂ કરતાં પ્રધાનમંત્રીએ સમગ્ર સપ્લાય ચેઇનને સુરક્ષિત રાખવા માટે હાઇ-ટેક મટીરિયલ્સ અને ક્રિટિકલ મિનરલ્સમાં આત્મનિર્ભરતાની અત્યંત જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. ડિઝાઇનથી લઈને પેકેજિંગ સુધી વિસ્તરેલા સ્થાનિક નેટવર્કની કલ્પના કરતા તેમણે એઆઈ અને રોબોટિક્સમાં અદ્યતન ક્રાંતિ માટે આ સ્થાનિક ચિપ્સનો ઉપયોગ કરવા માટે યુવા પેઢી પર અપાર વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. પ્રધાનમંત્રીશ્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, "આપણા યુવાનો માત્ર મેડ ઇન ઇન્ડિયા ચિપ્સનો ઉપયોગ કરીને આગામી પેઢીની ટેક ક્રાંતિને સક્રિયપણે વેગ આપશે."

પ્રધાનમંત્રીશ્રીએ જણાવ્યું કે, "ઇઝ ઓફ ડુંઇગ પ્રત્યેની સંપૂર્ણ પ્રતિબદ્ધતા સાથે, ૧૪૦ કરોડ ભારતીયો વર્ષ ૨૦૪૭ સુધીમાં દેશને ચોક્કસપણે વિકસિત બનાવશે." વિશ્વભરમાં ભારત અને ગુજરાતમાં બનેલી ચિપ્સ વિદેશમાં જશે. જે આપણા સૌ માટે ગૌરવની બાબત છે.



૩૩ ગણું વધારે થયું છે. આજે ભારત એટલે કે જે ૨૦૧૪ પહેલા મોબાઇલ ફોન બહારથી લાવતું હતું, આપે મને જ્યારે ગુજરાતથી દિલ્હી મોકલ્યો, તો ભારત મોબાઇલ દુનિયામાં મોકલી રહ્યું છે. આજે ભારત દુનિયાનું બીજું સૌથી મોટું મોબાઇલ મેન્યુફેક્ચરર છે, અને બીજું સૌથી મોટું મોબાઇલ exporter (નિકાસકાર) પણ છે.

**આજે ભારતનું ટોટલ ઇલેક્ટ્રોનિક્સ પ્રોડક્શન ૨૦૧૪ની સરખામણીએ, આશરે સાત ગણું વધી ચૂક્યું છે**

સાથીઓ, વીતેલાં વર્ષોમાં આપણે આખી ઇલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ ઇકોસિસ્ટમને મજબૂત કરી છે. આજે ભારતનું ટોટલ ઇલેક્ટ્રોનિક્સ પ્રોડક્શન ૨૦૧૪ની સરખામણીએ, આશરે સાતગણું વધી ચૂક્યું છે. ઇલેક્ટ્રોનિક્સ એક્સપોર્ટ આશરે અગિયાર ગણું વધી ચૂક્યું છે.

સાથીઓ, આપણો પ્રયાસ, માત્ર ફાઇનલ પ્રોડક્ટમાં આત્મનિર્ભરતા સુધી સીમિત નથી. આપણો પ્રયાસ, કમ્પોનન્ટ્સમાં પણ આત્મનિર્ભરતા તરફ છે. અને એટલા માટે હવે ભારતનું આગામી કદમ ઊઠી રહ્યું છે. આપણે માત્ર મોબાઇલ નહીં બનાવીએ, આપણે માત્ર ઇલેક્ટ્રોનિક્સ નહીં બનાવીએ, આપણે એ ચિપ્સનું નિર્માણ પણ કરીશું, જેનાથી ઇલેક્ટ્રોનિક્સની આખી દુનિયા ચાલે છે. અને આ જ અમારી વ્યૂહરચના છે. પહેલા પ્રોડક્ટ, પછી કમ્પોનન્ટ્સ અને હવે સેમીકન્ડક્ટર, એટલે કે ઇલેક્ટ્રોનિક્સની આખી વેલ્યુ ચેઈન ભારતમાં હશે. આ જ વિકસિત ભારતનો રોડમેપ છે, આ જ મેક ઇન ઇન્ડિયાનો આગામી તબક્કો છે.

**દીકરીઓ દુનિયાની સૌથી આધુનિક સેમિકન્ડક્ટર ટેકનિક શીખી અને આજે આ દીકરીઓ મેડ ઇન ઇન્ડિયા ચિપ નિર્માણ પ્રક્રિયાનો હિસ્સો છે**

સાથીઓ, આ ફેસિલિટી, આ પ્રોજેક્ટ પણ એ વાતનો પુરાવો છે, કે ભારતના યુવાનો કેવી રીતે નવી સંભાવનાઓ સાથે જોડાઈ રહ્યા છે. અહીં કામ કરનારી બહેનો-દીકરીઓ, જેમ મેં કહ્યું ઝારખંડ, છત્તીસગઢ, મધ્યપ્રદેશ, જેવા ટ્રાઇબલ બેલ્ટમાંથી આવેલી દીકરીઓ છે. એ દીકરીઓએ જ્યારે મને ફેક્ટરી બતાવી, અને મોટા જોશ અને ઉત્સાહ સાથે, એક-એક વસ્તુ વિશે વિગતવાર મને જણાવી રહી હતી. સામાન્ય પરિવાર, સામાન્ય સ્કૂલ, આઈ ટી આઈ નો અભ્યાસ, આપણા ત્યાં તો આઇટીઆઇમાં કોઈ દાખલ થાય તો માતા-પિતા કોઈને કહેતાં નથી, કે આઇટીઆઇમાં ભણે છે, શરમ આવે છે. હવે વખત બદલાઈ ચૂક્યો છે, આઇટીઆઇવાળાનો જમાનો છે. અભ્યાસ ભલે આઇટીઆઇમાં થયો હોય, આમનાં સપનાં અસાધારણ છે. આમાંથી કેટલીય દીકરીઓના પરિવારમાં ક્યારેય કોઈએ પાસપોર્ટ સુધી બનાવડાવ્યો નહોતો, જોયો પણ નહોતો. આમાંથી કેટલીય દીકરીઓએ તો દિલ્હી-મુંબઈ જોયું નહોતું, વિદેશ જવાની તો વાત જ છોડી દો. પરંતુ એ જ દીકરીઓ ટ્રેનિંગ માટે મલેશિયા ગઈ, દુનિયાની સૌથી આધુનિક સેમિકન્ડક્ટર ટેકનિક શીખી, અને આજે આ બધી મેડ ઇન ઇન્ડિયા ચિપ નિર્માણપ્રક્રિયાનો હિસ્સો છે. મને યાદ છે, જ્યારે સુબૈયાજીએ મને એકવાર દિલ્હીમાં એક વિડિયો બતાવ્યો હતો, ત્રણ મિનિટનો વિડિયો હતો, આ દીકરીઓના જીવન પર હતો કે તેઓ જંગલોમાં કેવી રીતે રહેતી હતી, ખાટલા પર બેસીને કેવી રીતે ભણતી હતી અને પછી ઍરપોર્ટ પર પોતાના ચેકઅપ માટે ઊભી છે અને જઈ રહી છે તેઓ ક્લિયરન્સ કરીને મલેશિયા માટે. તો મેં તરત જ તેમને કહ્યું હતું, કે હું બને એટલો જલદી જ્યારે પણ ગુજરાત આવીશ, તો ગવર્નર હાઉસમાં આ દીકરીઓને બોલાવીને એમની સાથે વાતચીત કરીશ, એ તો હું ન કરી શક્યો, પરંતુ આજે મને એ અવસર મળી ગયો, થૅન્ક યૂ સુબૈયાજી. હું આ તમામ દીકરીઓને, તેમના પરિવારને અભિનંદન આપું છું.

સાથીઓ, આપણે વિકાસના રાહ પર ચાલી નીકળ્યા છીએ, આપણે પ્રગતિની નવી-નવી ઊંચાઈઓને આંબી રહ્યા છીએ અને આમાં સેમિકન્ડક્ટરનું આ ક્ષેત્ર એક બહુ મોટી શક્તિ બનીને નવો વિશ્વાસ પેદા કરી રહ્યું છે. હું આપ સૌને અનેક-અનેક શુભેચ્છાઓ આપું છું. આપ પણ ઊંચાં લક્ષ્યો લઈને ચાલો, નિશાનચૂક થશે તો જોયું જશે, પરંતુ આપણે ચાલી નીકળીએ, આપ સૌને મારી ખૂબ-ખૂબ શુભેચ્છાઓ.



# પરિવહન ક્ષેત્રે સારથિઓ અને ગ્રાહકો માટે શોષણ રહિત વ્યવસ્થા સુનિશ્ચિત કરવાનાં શુભાશય સાથે 'ભારત ટૅક્સી' સેવાનો શુભારંભ કરાયો – શ્રી અમિતભાઈ શાહ



ગાંધીનગર લોકસભાના સાંસદ તેમજ કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીશ્રી અમિતભાઈ શાહના વરદ હસ્તે તેમજ રાજ્યના માન.મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીની પ્રેરક ઉપસ્થિતિમાં ભારતની સૌપ્રથમ ડ્રાઇવરની માલિકી ધરાવતી સહકારી ટૅક્સી સેવા "ભારત ટૅક્સી"નો ગુજરાતમા શુભારંભ કાર્યક્રમ મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે યોજાયો ગયો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે દેશમાં સહકારી ક્ષેત્રમાં અનેક ક્રાંતિકારી સુધારાઓને લાગુ કરી સહકારી ક્ષેત્ર માટે મલ્ટીલેવલ કામગીરીઓનાં દ્વાર ખોલવામાં આવ્યાં છે. આ પૈકી સૌથી મોટી પહેલ સહકારી ક્ષેત્રે ટૅક્સી સેવાની છે. ૫ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ દિલ્હી ખાતે કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીશ્રી અમિતભાઈ શાહ દ્વારા આ ઐતિહાસિક પહેલ "ભારત ટૅક્સી" ઉપક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ફક્ત પાંચ મહિનાના ટૂંકા ગાળામાં જ તેની સાથે ૭ લાખથી વધુ સારથિઓ અને ૩૭ લાખથી વધુ ગ્રાહકો જોડાઈ ચૂક્યા છે. જેના અનુસંધાનમાં આજે ગુજરાતમાં, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, મહેસાણા, આણંદ, વલસાડ, જુનાગઢ, જામનગર અને ભાવનગર ખાતે આ ભારત ટૅક્સી સેવાનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

"ભારત ટૅક્સી" એ પ્રકારની પહેલ છે કે જેના દ્વારા દેશના સહકારી ક્ષેત્રને આગવી ઊર્જા અને દિશા મળશે. આ ઉપક્રમની ખાસિયત એ છે કે આ પ્રકલ્પમાં ચાલક પોતે જ માલિક હોવાથી નફો સીધો તેના ખાતામાં જશે અને સો ટકા કમાણી ચાલકને જ થશે. આ ઉપરાંત ચાલકને વીમો, નેશનલ પેન્શન સિસ્ટમ, ઓછા વ્યાજ દરે વાહન લોન તેમજ અન્ય આર્થિક ફાયદાઓ પણ મળશે જ્યારે ગ્રાહકોને સુરક્ષા, વિશ્વાસ, પારદર્શકતા, સર્જ પ્રાઈઝથી મુક્તિ અને મેડ ઇન ઇન્ડિયા ઉપક્રમની સુવિધાઓ મળશે.

આ પ્રસંગે કેન્દ્રીય ગૃહ તેમજ સહકારિતા મંત્રીશ્રી અમિતભાઈ શાહે સંબોધન કરતાં જણાવ્યું કે, આજે ભારતની પરિવહન ક્ષેત્રમાં એક વિશેષ દિવસ છે. જેમ જેમ ભારતનો વિકાસ થતો ગયો તેમ ટૅક્સીની જરૂરિયાત વધતી રહી. આજે ગુજરાતમાં રિક્ષા પરિવહન ક્ષેત્રના પ્રાણ છે. વર્તમાનમાં ટૅક્સીના ઉપયોગ અને ક્ષેત્ર બંને વિસ્તાર પામ્યા છે. વિસ્તાર અને ટેક્નોલોજીના વિકાસ સાથે ભાડે વાહન સેવા ક્ષેત્રમાં અનેક ખાનગી કંપનીઓએ વિવિધ મોબાઇલ એપ્લિકેશનો દ્વારા પોતાની સેવાઓ શરૂ કરી, જ્યાં વાહનચાલકોને માત્ર 'ડ્રાઇવર' તરીકે ઓળખ આપવામાં આવે છે. જ્યારે આ પહેલમાં વાહનચાલકોને 'સારથિ' તરીકે સન્માનજનક ઓળખ આપવામાં આવી છે તેમ શ્રી શાહે ઉમેર્યું હતું. તેઓએ કહ્યું કે આ બાબત માત્ર શબ્દોનો જ નહીં પરંતુ સેવાભાવ, ગૌરવ અને મુસાફરો પ્રત્યેની જવાબદારીના અભિગમનો પણ મહત્ત્વપૂર્ણ તફાવત દર્શાવે છે. કંપનીઓએ પોતાના નફા માટે અનેક સારથિઓનું અને સાથે સાથે ટૅક્સી ઉપયોગ કરનાર



## સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ મંત્રથી સહકાર સે સમૃદ્ધિની દિશા પ્રધાનમંત્રીશ્રી મોદીજીએ અને શ્રી અમિતભાઈ શાહે આપી – શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ



આ પ્રસંગે માન. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સંબોધન કરતાં જણાવ્યું કે, આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ સૌથી વધુ સમય વડાપ્રધાન તરીકે સળંગ સેવા આપવાનો સુશાસનનો વિક્રમ સર્જ્યો છે. આદરણીય મોદીજીએ નાગરિક દેવો ભવઃ ના મંત્ર સાથે પ્રધાન સેવક તરીકે ૧૪૦ કરોડ દેશવાસીઓની સેવા કરી છે. સુશાસનનાં આ ૧૨ વર્ષ વિકાસ, વિશ્વાસ અને જનકલ્યાણનાં બન્યાં છે. સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ મંત્રથી સહકાર સે સમૃદ્ધિની દિશા પ્રધાનમંત્રીશ્રી મોદીજીએ અને શ્રી અમિતભાઈ શાહે આપી છે. સહકારિતા મંત્રીશ્રી અમિતભાઈ શાહે પ્રથમ સહકારિતા મંત્રી તરીકે સહકાર ક્ષેત્રના અમુક સેક્ટરો સુધી સીમિત ન રાખીને સહકારી મંડળીઓ પણ એક નાની કોર્પોરેટ કંપનીમાં બદલાવાના સફળ પ્રયાસો હાથ ધર્યા છે. આવી જ એક અભિનવ પહેલ ભારત ટેક્સી છે. આજે ગુજરાતમાં ભારત ટેક્સી સેવાનો ગુજરાતમાં શુભારંભ થવા જઈ રહ્યો છે. આ સેવા નવી ટેક્સી સેવા લોન્ચિંગ નહીં બલ્કે નવા વિચાર સાથે આત્મનિર્ભર ભારતના સંકલ્પને વધુ મજબૂત બનાવવાનો સંકલ્પ છે. જે સહકાર ક્ષેત્ર કૃષિ, ડેરી, પશુપાલન, મંડળીઓ તેમજ બેંકિંગ સુધી મર્યાદિત હતું તે હવે શ્રમના સન્માન સાથે સારથિઓની ભાગીદારીનું મોડેલ બનશે તેમશ્રી ભૂપેન્દ્રભાઈએ જણાવ્યું હતું.

નાગરિકોનું પણ શોષણ કર્યું. આ માટે થઈને સરકાર આ ક્ષેત્રે તમામ શોષણનો કારોબાર બંધ કરવામાં કઈ રીતે મદદ કરી શકે તે દિશામાં મનોમંથન બાદ કો-ઑપરેટિવના મોડેલ પર એક ટેક્સી સેવા લાવવા નક્કી કરવામાં આવ્યું. કો-ઑપરેટિવ ક્ષેત્રએ અનેક ક્ષેત્રમાં કરી અભૂતપૂર્વ કામ કરીને બતાવ્યું છે, આજે અમૂલમાં દૂધ ભરાવતી પશુપાલક બહેનોના માધ્યમથી અમૂલ ૧ લાખ ૨૫ હજાર કરોડનો કારોબાર કરતી વિશ્વની સૌથી વિશ્વસનીય ખાદ્ય બ્રાન્ડ બનીને ઊભરી આવી છે. આ પ્રણાલીમાં નફો કરેલી રકમ સીધી પશુપાલક બહેનોના ખાતામાં ભ્રષ્ટાચાર વગર દર સપ્તાહે જમા થાય છે. અનેક શોષણ આપોઆપ બંધ થયાં છે, ગ્રામીણ ક્ષેત્રમાં પશુપાલન કરનાર બહેની પોતાની કમાણી આજે તેમની પાસે કોઈપણ વચેટિયા વિના સીધી પહોંચે છે.

શ્રી શાહે ભારત ટેક્સીના મધ્ય વિચાર અંગે છણાવટ કરતાં જણાવ્યું કે ભારત ટેક્સીનો વિચાર એટલા માટે કરવામાં આવ્યો કારણ કે, સારથિઓ અને ગ્રાહકોનું કોઈપણ પ્રકારે શોષણ ન થવું જોઈએ અને સારથિનું સન્માન થાય. આજે ગર્વથી કહી શકાય કે ભારત ટેક્સી સાથે જોડાયેલા ૭ લાખ સારથિઓ ભારત ટેક્સીના માલિક અને શૅરહોલ્ડર છે. આ પહેલથી સન્માન અને સુરક્ષા સાથે સમૃદ્ધિ પણ આગામી સમયમાં મળશે તેવો વિશ્વાસ શ્રી શાહે વ્યક્ત કર્યો હતો.. ભારત ટેક્સી ઘણી જગ્યા એ ટ્રાયલમાં લોન્ચ થઈ છે અને આજે ગુજરાતમાં પણ ફોર્મલ લોન્ચિંગ થયું છે. ગુજરાતમાં ૨ વ્હીલર, ઓટોરિક્ષા તેમજ ૪ વ્હીલર એમ ત્રણેય ક્ષેત્રમાં ભારત ટેક્સીનો આજે અધિકૃત શુભારંભ થયો છે.

શ્રી શાહે કહ્યું હતું કે જ્યારે કો-ઑપરેટિવ બેઝ પર ટેક્સી સેવા બનાવવાનો વિચાર આવ્યો ત્યારે સૌથી મોટી મૂંઝવણ પૈસા ક્યાંથી આવશે તે હતી જેમાં, NCDC, IFFCO, કૃભકો, NDDB, નાબાર્ડ, NCEL, અમૂલ જેવી અનેક સંસ્થાઓએ સાથે મળીને સારથિઓ એક અલગ કો-ઑપરેટિવ સંસ્થા બનાવવાનું કાર્ય કર્યું છે. ભારત ટેક્સીની સ્પર્ધક કંપનીઓ પોતાની કિંમત ઘટાડી રહી છે પરંતુ ભારત ટેક્સી ના થાકશે ના ભાગશે, મેદાનમાં રહી સેવા અને સહકારના માધ્યમથી સૌની સાથે સ્પર્ધા કરશે. ભારત ટેક્સીને સફળ કરવાની સૌથી મોટી જવાબદારી સૌ સારથિઓની છે. તત્કાલ લાભને જોવામાં આવશે તો



આવનાર અનેક વર્ષો સુધી શોષણનો ભોગ બનવું પડશે. ભારત ટૅક્સી કોઈપણ સારથિઓનું શોષણ નહીં કરે તેવો વિશ્વાસ શ્રી શાહે અપાવ્યો હતો. કિંમત ઘટાડી અને ભારત ટૅક્સીને મેદાન બહાર કરવાના પ્રયાસો દુનિયાના કોઈપણ દેશમાં ચાલી શકે ભારતમાં નહીં. કારણ કે, ભારતમાં કો-ઑપરેટિવની ભાવના અને બીજાનું ભલું કરવાની ભાવના પ્રબળ છે. આ કો-ઑપરેટિવ તમારી પોતાની છે, શોષણ અટકાવવા માટે છે, સન્માન આપવા માટે છે, સમૃદ્ધ કરવા માટે છે, લોન લેવા માટે પણ સહાયતા કરશે, ઇન્સ્યોરન્સની પણ ચિંતા કરશે તેમ સૌ સારથિઓને શ્રી શાહે ભરોસો અપાવ્યો હતો. આવનાર ૨ વર્ષમાં ૫૦૦થી વધારે શહેરોમાં ભારત ટૅક્સી પહોંચશે તેમજ ૨ વ્હીલર અને ઓટોરિક્ષા પણ નાનાં શહેરો સુધી પહોંચશે અને આવનાર સમયમાં આ કો-ઑપરેટિવ ક્ષેત્ર નવી ઊંચાઈઓ સર કરશે.

## ભારત ટૅક્સી અને સહકારિતાનું નવું મોડલ

૧. આ માત્ર એક નવી ટૅક્સી સેવા નથી. પહેલી વખત સહકારી મોડલ ૧લાખ કરોડથી વધુના રાઇડ-હેલિંગ (ટૅક્સી બુકિંગ) માર્કેટમાં પ્રવેશ્યું છે. ૨૦૨૧માં બનેલા સહકારી વિભાગ પછીનો સૌથી મોટો ડિજિટલ આર્થિક પ્રયોગ છે. જેની શરૂઆત ગુજરાતનાં ૧૪ શહેરથી થઈ છે.

૨. હાલના એપ મોડામાં પ્લેટફોર્મ કંપની માલિક હોય છે. જ્યારે ભારત ટૅક્સીનો દાવો છે કે ડ્રાઇવર જ આ સહકારી સંસ્થાનો સભ્ય અને ભાગીદાર છે. લક્ષ્ય છે કે પ્લેટફૉર્મની કમાણીનો મોટો હિસ્સો ડ્રાઇવરો પાસે રહે, નહીં કે માત્ર કંપની પાસે.

૩. આ પ્લેટફોર્મ ઝીરો મિશન મોડલ' પર આધારિત છે. ડાઇવરોને વીમો, લોન, પેન્શન અને અન્ય સામાજિક સુરક્ષા યોજનાઓ સાથે જોડવાની પણ યોજના છે. દેશમાં અંદાજિત ૪૦ લાખ ટૅક્સી, કેબ અને ઓટો ચાલકો આ મોડલનો સંભવિત આધાર છે.

૪. ગુજરાત દેશના સૌથી મજબૂત સહકારી રાજ્યોમાંનું એક છે. અમૂલ, ઇફકો, ૪ હજારથી વધુ પ્રાથમિક ખેતી સહકારી સોસાયટી(PACS) અને વ્યાપક સહકારી નેટવર્કને કારણે પસંદગી કરાઇ છે. અહીંથી જ રાષ્ટ્રીય સહકારી મોડલ વિકસિત થયા છે.

૫. સરકારે એક વિકલ્પ રજૂ કર્યો છે. ખાનગી એગ્રીગેટર્સ કમિશન આધારિત મોડલ પર ચાલે છે. જ્યારે ભારત ટૅક્સી સહકારી માલિકીનો દાવો કરે છે. હરીફાઈ માત્ર એપ વચ્ચે નથી, પરંતુ કોર્પોરેટ મોડલ, સહ કારી મોડલ વચ્ચે પણ માનવામાં આવી રહી છે.

૬. સહકારી ક્ષેત્ર માટે કેટલું મોટું પરિવર્તન ૧૯૪૬માં અમૂલથી શરૂ થયેલી સાંકારી ચળવળ પહેલાં દૂધ, પછી ખાતર (ઇફકો), બેન્કિંગ અને નિકાસ સુધી પહોંચી. હવે પ્રથમ વખત ડિજિટલ પ્લેટફોર્મ અને લિંગ ઇકોનોમી પણ આ દાયરામાં સામેલ થઈ રહી છે.

૭. ભારત વિશ્વના સૌથી ઝડપથી વિકસતા ડિજિટલ મોબિલિટી માર્કેટમાંનું એક છે. ૧ લાખ કરોડના રાઇડ હેલિંગ માર્કેટ અને કરોડો દૈનિક મુસાફરી વચ્ચે જો આ સહકારી મોડલ સફળ થાય છે, તો લાખો ડ્રાઇવરોની આવકના માળખા પર મોટી અસર પડી શકે છે.

૮. આ મોડલ અન્ય ક્ષેત્રમાં લાગુ થઈ શકે નિષ્ણાતોનું માનવું છે કે જો આ પ્રયોગ સફળ રહેશે તો ડિલિવરી, લોજિસ્ટિક્સ, ઇ-કોમર્સ, ઘરેલું સેવાઓ અને અન્ય ગિગ પ્લેટફોર્મ્સમાં પણ સહકારી મોડલ લાગુ કરવાનો રસ્તો ખૂલી શકે છે.

૯. સરકાર સહકારી ક્ષેત્રને માત્ર ગામડાં, ખેતી અને ડેરી સુધી મર્યાદિત રાખવા માગતું નથી. ડિજિટલ અર્થતંત્ર, ટેકનોલોજી અને સર્વિસ સેક્ટર સુધી લઈ જવાનો છે. ભારત ટૅક્સી આ જ વ્યૂહરચનાની પ્રથમ મોટી પહેલ માનવામાં આવી રહી છે.

૧૦. સફળતા માત્ર લોન્ચિંગથી નક્કી નહીં થાય. લાખો ડ્રાઇવરોને જોડવા, પૂરતો કસ્ટમર બેઝ) બનાવવો, ઝડપી તકનીકી સેવા આપવી અને ખાનગી એપ સામે સ્પર્ધા કરવી એ સૌથી મોટી પરીક્ષા હશે. સમય બતાવશે કે આ મોડલ બજારમાં કેટલી મજબૂત જગ્યા બનાવશે.





# જૂનના મહિનામાં ઉડ્ડયન ક્ષેત્રમાં દેશે એક મોટી સફળતા મેળવી છે એ C-૨૯૫ વિમાન 'મેઈડ ઈન ઈન્ડિયા' છે - પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી

સાથીઓ, જૂનના મહિનામાં જ, ઉડ્ડયન ક્ષેત્રમાં પણ દેશે એક મોટી સફળતા મેળવી છે. C-૨૯૫, આ વિમાન 'મેઇડ ઇન ઇન્ડિયા' છે અને સી-૨૯૫ વિમાને પોતાની પહેલી ઉડાન ભરી છે અને આવાં ૪૦ વિમાન ભારતમાં જ બનાવવામાં આવી રહ્યાં છે. તેની સાથે MSME અને એરોસ્પેસ સેક્ટરને નવી શક્તિ મળી રહી છે. રોજગારના અવસરો વધી રહ્યા છે. અને આત્મનિર્ભર ભારતનો સંકલ્પ પણ મજબૂત થઈ રહ્યો છે. આ મહિને ડીઆરડીઓએ સ્વદેશી 'લાંબા અંતરની જમીન–હુમલાવાળી ક્રુઝ મિસાઇલ'નું પણ સફળ પરીક્ષણ કર્યું છે. તેને ડીઆરડીઓની પ્રયોગશાળાઓ અને ભારતીય ઔદ્યોગિક ભાગીદારોએ મળીને બનાવી છે. અર્થાત્, આજે સમુદ્રથી લઈને આકાશ સુધી, આપણું ભારત અધિક સુરક્ષિત અને આત્મનિર્ભર બની રહ્યું છે.

## દેશના લોકો કોઈ સંકલ્પ લે છે તો કોઈ પણ શક્તિ તેમને પોતાના લક્ષ્યથી ડગાવી શકતી નથી

સાથીઓ, કોઈ પણ રાષ્ટ્રનો આત્મા તેના લોકો હોય છે. અને જ્યારે આ દેશના લોકો કોઈ સંકલ્પ લે છે તો કોઈ પણ શક્તિ તેમને પોતાના લક્ષ્યથી ડગાવી શકતી નથી. રાષ્ટ્રનિર્માણમાં જન ભાગીદારીની આ શક્તિ ભારતની બહુ મોટી મૂડી છે અને આ જન ભાગીદારીનો આપણે વારંવાર અનુભવ કરી રહ્યા છીએ.

સાથીઓ, પશ્ચિમ એશિયામાં બનેલી યુદ્ધની સ્થિતિઓને જોતાં મેં દેશવાસીઓને કેટલાક આગ્રહો કર્યા હતા. મેં કહ્યું હતું કે જ્યાં સુધી સંભવ હોય, કેટલાક સમય માટે, ગૉલ્ડ, સોનું ખરીદવાનું ટાળશો. લોકોને કહ્યું હતું કે વિદેશમાં રજા મનાવવાનું ટાળજો. મેં લોકોને કાર પૂલિંગને પ્રોત્સાહન આપવાનો પણ અનુરોધ કર્યો હતો. મેં ખેડૂતોને રસાયણમુક્ત ખેતી માટે, ખેતર બચાવવા માટે અને પ્રાકૃતિક ખાતરનો અધિકમાં અધિક ઉપયોગ કરવાનો અનુરોધ કર્યો હતો.

સાથીઓ, હું દેશના દરેક નાગરિકનો આભારી છું કે મારા અનુરોધનું તેમણે ન માત્ર સમર્થન કર્યું, પરંતુ દરેક રીતે તેમાં પોતાનો સહયોગ કરી રહ્યા છે. મને અનેક પરિવારોએ સંદેશ મોકલીને પોતાનો અનુભવ વહેંચ્યો હતો.

કેટલાય પરિવારોએ નિશ્ચિત કર્યું હતું કે ઘરમાં વિવાહમાં આ વખતે સોનું નહીં ખરીદીએ. આવશ્યકતા ઊભી થશે તો જૂના સોનાને તોડાવીને તેમાંથી નવાં ઘરેણાં બનાવી લઈશું. અનેક લોકોએ સૉશિયલ મીડિયા પર એમ પણ લખ્યું છે કે તેમણે આ વખતે વિદેશયાત્રા ટાળી દીધી છે.

## માત્ર ૨૦ રૂપિયા વાર્ષિકનું પ્રીમિયમમાં બે લાખ રૂપિયા સુધીનો 'દુર્ઘટના વીમો'

સાથીઓ, સરકાર દેશના કરોડો પરિવારો સુધી સુરક્ષાનું કવચ પહોંચાડી રહી છે. 'પ્રધાનમંત્રી વીમા સુરક્ષા યોજના' હેઠળ માત્ર ૨૦ રૂપિયા વાર્ષિકનું પ્રિમિયમ અર્થાત્ કેવળ એક વર્ષના ૨૦ રૂપિયાનું પ્રિમિયમ, તેના પર બે લાખ રૂપિયા સુધીનો 'દુર્ઘટના વીમો' મળે છે. અત્યાર સુધી આ યોજના સાથે ૫૮ કરોડથી વધુ લોકો જોડાઈ ચૂક્યા છે. તેમાં લગભગ ૨૮ કરોડ આપણી માતાઓ, બહેનો, દીકરીઓ, મહિલાઓ છે. આ યોજનાથી પીડિત પરિવારોને, અત્યાર સુધી જે હિસાબ મળ્યો છે તે મુજબ, ૩,૭૦૦ કરોડ રૂપિયાથી અધિકની સહાયતા મળી ચૂકી છે.

સાથીઓ, આ જ રીતે 'પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના' પણ એટલી જ મહત્ત્વપૂર્ણ



## ગણેશજીની માટીની મૂર્તિઓને પ્રાથમિકતા

મારા પ્રિય દેશવાસીઓ, મને અનેક લોકોએ પત્ર લખીને એક ખાસ વિષય પર વાત કરવાનું સૂચન મોકલ્યું છે. આ વિષય ‘ગણેશ ઉત્સવ’ સાથે જોડાયેલો છે. આમ તો, ‘ગણેશ ઉત્સવ’માં હજુ ઘણો સમય બાકી છે, પરંતુ લોકોએ એવો અનુરોધ કર્યો છે કે આ વિષય પર અત્યારે જ આ વાત થવી જોઈએ. યથાર્થમાં, ગણેશજીની મૂર્તિઓ બનાવવાનું કામ ઘણા સમય પહેલાં શરૂ થઈ જાય છે. મૂર્તિ બનાવનારાઓ, મૂર્તિના વેપાર સાથે જોડાયેલા લોકો અત્યારથી સક્રિય થઈ જાય છે. આથી મારો આપ સહુને એક અનુરોધ છે. તમે પ્રયાસ કરો કે તમારા ઘર, સોસાયટી અથવા આસપાસની જગ્યાઓ પર ગણપતિ બાપાની જે મૂર્તિ સ્થાપિત થાય, તે આપણા દેશની માટીમાંથી બનાવેલી હોય, તે આપણા પોતાના કુંભાર અને સ્થાનિક કલાકારોના હાથે તૈયાર થયેલી હોય. જે લોકો ગણેશજીની મૂર્તિઓ બનાવે છે, તેમને પણ મારો આગ્રહ છે કે તેઓ માટીની મૂર્તિઓને પ્રાથમિકતા આપે અને જે લોકો મૂર્તિઓ ખરીદે છે, તેઓ પણ એ જરૂર જુએ કે ગણપતિ બાપાની મૂર્તિ શેનાથી બનેલી છે અને કયા દેશમાં તૈયાર થઈ છે.

પ્લાસ્ટર ઑફ પેરિસમાંથી બનાવેલી મૂર્તિઓ બિલકુલ ન ખરીદશો. સાથીઓ, માટીની મૂર્તિઓ પૂજા પછી સહજ રૂપમાં પાણીમાં વિલીન થઈ જાય છે. તેનાથી આપણી નદીઓ, તળાવો અને પર્યાવરણની રક્ષા થાય છે. આપણી આસ્થા પણ જળવાઈ રહે છે અને પ્રકૃતિ પ્રત્યે આપણું દાયિત્વ પણ પૂરું થાય છે. જ્યારે આપણે સ્થાનિક કારીગરો પાસેથી મૂર્તિ ખરીદીએ છીએ તો, આપણે ‘વૉકલ ફૉર લૉકલ’ના સંકલ્પને મજબૂત કરીએ છીએ. મને વિશ્વાસ છે કે આ વખતે ગણેશ ઉત્સવમાં અને આવા દરેક ઉત્સવમાં આપણે આવી બધી બાબતો પર જરૂર ગંભીરતાથી વિચારીશું અને દેશહિતમાં પગલાં લઈશું.

છે. આ યોજના વ્યક્તિના દુઃખદ મૃત્યુ થવા પર તેના પરિવારને બે લાખ રૂપિયાનું વીમા કવચ આપે છે. તેનું વાર્ષિક પ્રીમિયમ માત્ર ૪૩૬ રૂપિયા છે. અર્થાત્ એક દિવસનો વધીને દોઢ રૂપિયો. આ યોજના સાથે અત્યાર સુધીમાં ૨૭ કરોડથી વધુ લોકો જોડાયા છે. તેના હેઠળ દેશના લગભગ ૧૧ લાખ પરિવારોને લગભગ ૨૨ હજાર કરોડ રૂપિયાની સહાયતા મળી ચૂકી છે. આ આંકડા ઘણા મોટા છે. આ આંકડાઓની પાછળ લાખો પરિવારોની પોત-પોતાની વાત છે. ક્યાંક કોઈ માતાને બાળકોનો અભ્યાસ ચાલુ રાખવામાં સહાયતા મળી ગઈ, ક્યાંક કોઈ પત્નીને ઘરની જવાબદારી સંભાળવાનો સહારો મળી ગયો.

સાથીઓ, ઘણી વાર બહુ મોટી સુરક્ષાની શરૂઆત બહુ નાની રકમ અને એક નાનકડા પગલાથી થઈ શકે છે, નાનકડો નિર્ણય પણ બહુ મોટું પરિવર્તન કરે છે. મારો આપ સહુને આગ્રહ છે કે પોતાના પરિવારમાં આ યોજનાઓની જાણકારી જરૂર આપજો.

### જે રમે છે, તે ખીલે છે

સાથીઓ, હું ઘણી વાર કહું છું કે જે રમે છે, તે ખીલે છે. આજે દેશમાં એવા યુવાનોની સંખ્યા બહુ ઝડપથી વધી રહી છે, જે રમી પણ રહ્યા છે અને ખીલી પણ રહ્યા છે. પહેલાંની તુલનામાં હવે અનેક વધુ યુવાનો રમતને કારકિર્દીના રૂપમાં અપનાવી રહ્યા છે. મને નાગાલેણ્ડના બે એવા પ્રયાસો વિશે જાણકારી મળી છે, જે બહુ જ રસપ્રદ છે. પહેલો પ્રયાસ છે ‘નાગાલેન્ડ બેબી લીગ’. નામ સાંભળીને તમને જરૂર લાગતું હશે કે તે બહુ નાના છોકરાઓની સાધારણ લીગ હશે, પરંતુ એવું નથી. તે પાંચથી દસ-બાર વર્ષની વયના નાના-નાનાં બાળકો, ફૂલ જેવાં બાળકોની એક અસાધારણ લીગ છે અને આ બાળ ફૂટબૉલ ખેલાડીઓની એક એવી લીગ છે જે તેમની ઝડપ અને પ્રતિભા માટે તેમને પ્રેરિત પણ કરે છે અને તેમની ઓળખ પણ બનાવે છે. તેની શરૂઆત નાગાલેન્ડના વધુમાં વધુ બાળકોને ફૂટબૉલ સાથે જોડવા માટે થઈ હતી. પાંચથી બાર વર્ષ સુધીનાં છોકરા અને છોકરીઓ તેમાં ભાગ લઈ શકે છે. આ લીગ હવે પોતાનાં ત્રણ વર્ષ પૂરાં કરી ચૂકી છે. આ લીગનો બાળકોના મન પર ખૂબ સારો પ્રભાવ પડ્યો છે.

સાથીઓ, નાગાલેન્ડમાં એક બીજો પણ સારો પ્રયાસ થઈ રહ્યો છે. તેનું નામ છે ‘નાગાલેન્ડ વૂમેન ફૂટસલ લીગ’. બની શકે કે તમારા માટે આ ‘ફૂટસલ’ એક નવું નામ હશે, હું તમને કહીશ કે ફૂટસલને ઇન્ડૉર ફૂટબૉલ પણ કહેવાય છે. તેમાં એક ટીમમાં માત્ર પાંચ ખેલાડીઓ હોય છે.

રમતનું મેદાન પણ ફૂટબૉલના



મેદાનથી બહુ નાનું હોય છે. આ કારણે ખેલાડીઓએ ઝડપથી નિર્ણય લેવા પડે છે. તેમને પોતાની ટેક્નિક અને કૌશલ્યનો વધુ સારો ઉપયોગ કરવો પડે છે. નાગાલેણ્ડની વીમેન ફૂટસલ લીગ આપણી દીકરીઓને પોતાની પ્રતિભા દેખાડવાનો સારો અવસર આપી રહી છે. હું આવી પહેલો માટે નાગાલેન્ડના લોકોની સરાહના કરું છું. આવા પ્રયાસો દેશના બીજા ભાગોને પણ પ્રેરણા આપે છે.

## હજારો વર્ષ જૂનું આપણું નાલંદા વિશ્વ વિદ્યાલય હવે નવા અવતારના રૂપમાં ભારતનું ભાગ્ય ઘડી રહ્યું છે

સાથીઓ, આ ટેક્નૉલૉજીનો યુગ છે. દરેક દિવસે નવું સંશોધન થઈ રહ્યું છે. નવાં-નવાં એઆઈ ઇનૉવેશન સામે આવી રહ્યાં છે. આ સમયમાં એક પ્રશ્ન ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે – લોકોની સર્જનાત્મકતાને કેવી રીતે બચાવેલી રાખવી? નવી ટેક્નૉલૉજીની સાથે આગળ વધતાં આપણે આપણાં મૂળ સાથે કેવી રીતે જોડાયેલા રહીએ? આ પ્રશ્નોનું સમાધાન શોધ્યું છે 'નાલંદા વિશ્વ વિદ્યાલયે'. હજારો વર્ષ જૂનું આપણું નાલંદા વિશ્વ વિદ્યાલય હવે નવા અવતારના રૂપમાં ભારતનું ભાગ્ય ઘડી રહ્યું છે. બે વર્ષ પહેલાં મને નાલંદા વિશ્વ વિદ્યાલયના નવા પરિસરના લોકાર્પણનો અવસર મળ્યો હતો. નાલંદા વિશ્વ વિદ્યાલયે શાસ્ત્રાર્થની આપણી પ્રાચીન પરંપરાને ફરીથી જીવંત કરી છે. શાસ્ત્રાર્થ માત્ર પોતાની વાત રાખવાનું માધ્યમ જ નથી, તે વાદ-સંવાદ અને મંથનની એક અનુશાસિત પ્રક્રિયા છે. તેમાં તર્કની સાથે, તથ્યની સાથે, પોતાની વાત કહેવી ખૂબ જ આવશ્યક હોય છે અને તેમાં તમારી નિપુણતા હોવી જોઈએ. બીજાના વિચારોને ધૈર્ય સાથે સાંભળવા અને સમજવાની શિખામણ પણ આ શાસ્ત્રાર્થની પ્રક્રિયામાંથી મળે છે. મને આનંદ છે કે નાલંદા વિશ્વ વિદ્યાલયે તેને પોતાના દીક્ષાંત સમારોહનો હિસ્સો બનાવ્યો. તેમાં ભાગ લેનારા લગભગ અડધા વિદ્યાર્થીઓ અન્ય દેશોમાંથી આવ્યા હતા. એક પ્રાચીન પરંપરાને આજના સમય સાથે જોડવાનો આ પ્રયાસ ખૂબ જ પ્રશંસનીય છે. આ માટે હું નાલંદા વિશ્વ વિદ્યાલયને ખૂબ-ખૂબ અભિનંદન આપું છું. હું દેશના બીજા વિશ્વ વિદ્યાલયોને પણ અનુરોધ કરીશ કે તેઓ આવી પહેલ પર વિચાર કરે.

## યુવાનોને નવી ટેક્નૉલૉજી માટે તૈયાર કરવાનો પ્રયાસ

સાથીઓ, મૂળથી જોડાયેલા રહીને યુવાનોને નવી ટેક્નૉલૉજી માટે તૈયાર કરવાનો એક બીજો પણ સારો પ્રયાસ થઈ રહ્યો છે. દિલ્લી સ્થિત સેન્ટ્રલ સંસ્કૃત યુનિવર્સિટી, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને ડેટા સાયન્સમાં બી. ટેક. પ્રૉગ્રામ શરૂ કરવા જઈ રહી છે. આ આધુનિક ટેક્નૉલૉજીને ભારતના પારંપરિક જ્ઞાન સાથે જોડવાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલું છે. તેમાં ભારતીય ભાષાઓ માટે નવાં એઆઈ ટૂલ તૈયાર કરવામાં મદદ મળશે. આપણા પ્રાચીન ગ્રંથો અને પાંડુલિપિઓને ડિજિટલ રૂપમાં સંરક્ષિત કરવાના કામને પણ નવી ગતિ મળશે. હું સેન્ટ્રલ સંસ્કૃત યુનિવર્સિટીને આ પ્રયાસ માટે ખૂબ-ખૂબ શુભકામનાઓ આપું છું.

## બ્રહ્મકમલ ડૉમિનિકાના

સાથીઓ, આજે ભારતીય સંસ્કૃતિ દુનિયાના અલગ-અલગ હિસ્સાઓ સુધી પહોંચી રહી છે. આપણાં ગીત, સંગીત અને અધ્યાત્મને દુનિયાભરના લોકો જાણી રહ્યા છે અને અપનાવી રહ્યા છે. ભારતથી હજારો કિમી દૂર કેરિબિયન સાગરમાં ડૉમિનિકલ રિપબ્લિક નામનો એક દેશ છે. ત્યાં ભારતીયોની સંખ્યા લગભગ ૧૦૦ છે, કદાચ તેનાથી પણ ઓછી હશે. તેમ છતાં ભારતીય સંસ્કૃતિ અને અધ્યાત્મ સાથે જોડાયેલો એક બહુ સારો પ્રયાસ ત્યાં થઈ રહ્યો છે. ત્યાં સ્પેનિશ બોલનારા કેટલાક લોકોએ એક ટીમ બનાવી છે. આ ટીમનું નામ છે – 'બ્રહ્મકમલ ડૉમિનિકાના'. ટીમના સભ્યો મળીને વૈદિક સાહિત્યનું અધ્યયન કરે છે. તેઓ વૈદિક મંત્રોનું ઉચ્ચારણ પણ શીખી રહ્યા છે. તેમને તેનું કોઈ વિધિવત્ પ્રશિક્ષણ મળ્યું નથી. પરંતુ તેમણે ઑડિયો રેકૉર્ડિંગ સાંભળીને વૈદિક મંત્રોનું સાચું ઉચ્ચારણ શીખ્યું છે. આજે તેઓ અનેક મંત્રોનો બહુ સારી રીતે જાપ કરી લે છે. તેમાં પુરુષ સૂક્તમ્, શ્રી સૂક્તમ્, શ્રી રુદ્રમ્, દુર્ગા સૂક્તમ્ અને દેવી માહાત્મ્ય સમાવિષ્ટ છે. ભારતથી આટલા દૂર રહીને આપણી પરંપરાઓને શીખવાનો તેમનો આ પ્રયાસ ઘણો પ્રેરક છે. હું 'બ્રહ્મકમલ ડૉમિનિકાના' ત્યાંના બધા સભ્યોને આ પ્રયાસો માટે શુભકામનાઓ આપું છું. હું એવા બધા લોકોની હૃદયથી પ્રશંસા કરું છું જે ભારતીય સંસ્કૃતિને દુનિયાભરમાં લોકપ્રિય બનાવવા માટે નિરંતર પ્રયાસો કરી રહ્યા છે.







# જો ભારતને આત્મવિશ્વાસુ રાષ્ટ્ર બનવું હોય, તો તેનું શિક્ષણ પણ ભારતીય આત્મા સાથે જોડાયેલું હોવું જોઈએ - પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી

## ભારતની અખંડિતતા માટે સમર્પિત એક યુગદ્રષ્ટાનું શ્રદ્ધાપૂર્વક સ્મરણ

સાથીઓ, આજે દેશની ધરતી, પશ્ચિમ બંગાળની ધરતી, પોતાના એક મહાન સપૂત, એક મહાન દેશભક્ત, ભારતના અખંડિતતા માટે સમર્પિત એક યુગદ્રષ્ટાનું શ્રદ્ધાપૂર્વક સ્મરણ કરી રહી છે. આજે આપણે એ વિચારબીજના ગુણગાન ગાઈ રહ્યા છીએ, જે વર્તમાન સમયમાં ચારેય તરફ ફળીભૂત થઈ રહ્યું છે. જે, આધુનિક ભારતને દિશા આપવામાં મોટી ભૂમિકા ભજવી રહ્યું છે.

સાથીઓ, જ્યાં જમીન સાથે જોડાયેલી વૈચારિક શક્તિ હોય, સાથે-સાથે ઇરાદા મજબૂત હોય અને દાનત સાફ હોય અને જ્યારે નવા સંકલ્પ સાથે સંપૂર્ણ સમર્પણ હોય અને આ બધી કડીઓ જ્યારે આપસમાં જોડાઈ જાય છે, ત્યારે સંકલ્પની સિદ્ધિ થાય જ થાય છે. અને ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીએ આવું જ જીવન જીવીને બતાવ્યું છે. હું ડૉક્ટર મુખર્જીની ૧૨૫મી જન્મજયંતીના અવસર પર તેમને નમન કરું છું, પોતાની શ્રદ્ધાંજલિ અર્પિત કરું છું.

સાથીઓ, આજનો આ કાર્યક્રમ એ વાતનો પણ સાક્ષી છે કે જ્યારે રાષ્ટ્ર પ્રથમના સંકલ્પવાળી સરકાર હોય છે, ત્યારે રાષ્ટ્રનાયકોને સન્માન પણ મળે છે અને તેમના વિઝન (દૂરંદેશી) પર ચાલવાનો પ્રયાસ પણ થાય છે. ડૉક્ટર મુખર્જીની ૧૨૫મી જન્મજયંતીને, આપણી સરકાર બે વર્ષના રાષ્ટ્રીય ઉત્સવ તરીકે ઊજવી રહી છે. આ ગત વર્ષે ૬ જુલાઈના રોજ શરૂ થયો હતો અને આગામી વર્ષે ૬ જુલાઈ સુધી ચાલશે. અને હવે તો બંગાળમાં ભાજપ સરકાર બન્યા પછી આ રાષ્ટ્રીય સન્માનને, એક પ્રેરણા-પુરુષને યાદ કરવામાં બંગાળે પોતાની રીતે રોનક વધારી દીધી છે. થોડા દિવસ પહેલા જ ૨૦ જૂનના રોજ ભવ્ય રીતે પશ્ચિમ બંગ દિવસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બંગાળની ધરતી, બંગાળના વારસાને પ્રણામ હતા. આજનો આ કાર્યક્રમ પોતાના વારસા પ્રત્યેના એ જ સન્માનનો એક ભાગ છે. હું પશ્ચિમ બંગાળ સરકારને આટલા ભવ્ય કાર્યક્રમ માટે ખૂબ-ખૂબ અભિનંદન આપું છું.

## ભારતીય જનસંઘ આજે એ જ સ્વરૂપમાં ભલે ન હોય, પરંતુ એ દીવાનો જે પ્રકાશ-પુંજ હતો, તે આજે કરોડો દેશવાસીઓના વિશ્વાસનો પ્રકાશ બનીને ફેલાઈ રહ્યો છે

સાથીઓ, ડૉક્ટર મુખર્જીનું જીવન, એક વિચારથી જન-આંદોલન સુધી પ્રેરિત થઈ શકે તેનું પ્રેરણાદાયી ઉદાહરણ છે. તેમણે ભારતમાં એક વૈચારિક આંદોલનને જન્મ આપ્યો. આપ જુઓ, જે સમયે જનસંઘની સ્થાપના થઈ હતી, ત્યારે બધી તરફ કૉંગ્રેસનો જ દબદબો હતો, કૉંગ્રેસનું જ વર્ચસ્વ દેખાતું હતું. એક એવા દોરમાં, જ્યારે અલગ વિચાર માટે કોઈ જગ્યા જ નહોતી, પગ રાખવા માટે પણ જગ્યા



મળી જવી બહુ મુશ્કેલ હતી, ત્યારે ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીએ એ બધી પરિસ્થિતિઓને પડકારતાં એક નવા વિચારનું સાહસ કર્યું. આ માત્ર એક સંગઠન બનાવવાનો નિર્ણય નહોતો, એક રાજકીય પક્ષને જન્મ આપવાનું કામ નહોતું. આ લોકશાહીમાં વૈચારિક વિવિધતા, રાષ્ટ્રીય ચિંતન અને જનભાગીદારી પર તેમના અતૂટ વિશ્વાસની અભિવ્યક્તિ હતી. આ જ વિશ્વાસથી ભારતીય જનસંઘનો જન્મ થયો. અને સાથીઓ, કોઈ પણ વિચાર માત્ર સ્થાપનાથી અમર નથી થતો. વિચાર ત્યારે અમર થાય છે, જ્યારે પેઢીઓ તેને પોતાના જીવનથી સીંચે છે. ભારતીય જનસંઘના એ નાના એવા દીવાને પ્રજ્વલિત રાખવા માટે લાખો કાર્યકર્તાઓએ પોતાનું જીવન ખપાવી દીધું. પળેપળ, ક્ષણે-ક્ષણ, લાખો કાર્યકર્તાઓના તપ, ત્યાગ અને સમર્પણે, એ દીવાની જ્યોતને ક્યારેય બુઝાવા ન દીધી. આજે એ દીવો પોતાના મૂળ સ્વરૂપમાં ભલે ન દેખાતો હોય, ભારતીય જનસંઘ આજે એ જ સ્વરૂપમાં ભલે ન હોય, પરંતુ એ દીવાનો જે પ્રકાશ-પુંજ હતો, તે આજે કરોડો દેશવાસીઓના વિશ્વાસનો પ્રકાશ બનીને ફેલાઈ રહ્યો છે. એ જ પ્રકાશનો વિસ્તાર આજે સમગ્ર દેશમાં ખીલેલા કરોડો કમળના સ્વરૂપમાં દેખાઈ રહ્યો છે. ક્યારેક જે ભારતીય જનસંઘ હતો, તે જ આજે ભારતીય જનતા પાર્ટીના સ્વરૂપમાં વિશ્વની સૌથી મોટી લોકશાહી શક્તિ બનીને જનસેવા કરી રહ્યો છે.

સાથીઓ, મોટેભાગે આપણે જોઈએ છીએ કે સમયની સાથે કેટલાક વિચારોનું આકર્ષણ ફીકું પડતું જાય છે. પરંતુ આપ વિચારો, આ કેટલું સશક્ત વિચાર-બીજ ડૉક્ટર મુખર્જીએ રોપ્યું છે કે આજે આટલાં વર્ષો પછી પણ તેનો આટલી ઝડપથી વિસ્તાર થઈ રહ્યો છે. મને પૂરો વિશ્વાસ છે, જ્યારે આવનારી પેઢીઓ ભારતીય જનતા પાર્ટીની આ યાત્રાનો ઇતિહાસ લખશે, આનો અભ્યાસ કરશે, ત્યારે તેઓ ચોક્કસપણે ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીના વિચારો, તેમના સાહસ અને તેમની દૂરદૃષ્ટિનો ઉલ્લેખ કરશે. અને હું ફરીથી કહીશ, બંગાળ માટે તો આ બમણી ખુશીની વાત છે. એક તો ડૉક્ટર મુખર્જીની ૧૨૫મી જન્મજયંતી અને બીજું, બંગાળમાં આ આયોજન, તેમના વિચારપુંજમાંથી નીકળેલી ભાજપ સરકારમાં આ ભવ્ય ઉત્સવ થઈ રહ્યો છે. પશ્ચિમ બંગાળની જનતા તરફથી પોતાના મહાન સપૂતને આ બહુ જ આત્મીય શ્રદ્ધાંજલિ છે.

## રાષ્ટ્રીય એકતાની ધરાતલ પર જ સોનેરી ભવિષ્યનો પાયો રાખી શકાય છે

સાથીઓ, સંસદમાં પોતાના એક ભાષણમાં ડૉક્ટર મુખર્જીએ કહ્યું હતું અને ડૉક્ટર મુખર્જીનું આ વાક્ય આજે પણ આપણને પ્રેરણા આપે છે. ડૉક્ટર મુખર્જીએ પાર્લામેન્ટમાં કહ્યું હતું- રાષ્ટ્રીય એકતાના ધરાતલ પર જ સોનેરી ભવિષ્યનો પાયો રાખી શકાય છે. અને જુઓ, આજે દેશ ગર્વથી કહી શકે છે કે ડૉક્ટર મુખર્જી અંતિમ શ્વાસ સુધી આ જ વિશ્વાસને જીવ્યા હતા, તેમણે આને જીવ્યો હતો. ૧૯૪૭માં જ્યારે દેશનું વિભાજન થયું, લગભગ નક્કી થઈ ચૂક્યું હતું, ત્યારે એક બીજું સંકટ સામે હતું. આખેઆખા બંગાળને જ ભારતથી અલગ કરવાનું ષડયંત્ર રચાઈ રહ્યું હતું. ત્યારે ડૉક્ટર મુખર્જી આ ષડયંત્રોની સામે ચટ્ટાન બનીને ઊભા રહી ગયા. તેમણે જનમત તૈયાર કર્યો, રાજકીય સંઘર્ષ કર્યો અને એ સુનિશ્ચિત કર્યું કે પશ્ચિમ બંગાળ ભારતનો અભિન્ન ભાગ બની રહે અને ત્યારે ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીએ હુંકાર ભરી હતી. તેમના શબ્દો હતા- કોંગ્રેસ દેશ ભાગ કોરેછે, આમી પાકિસ્તાન કે ભાગ કોરેછી. એટલે કે કોંગ્રેસે દેશના ભાગલા કર્યા, અને મેં પાકિસ્તાનના જ ભાગલા કરી દીધા.

સાથીઓ, આ જે હુંકાર છે, આની જે તાકાત છે, આમાં જે મોટી રાજકીય ઇચ્છાશક્તિનાં દર્શન થાય છે, તેનો અહેસાસ આપણને ત્યારે પણ થાય છે, જ્યારે આપણે આજની પરિસ્થિતિઓને જોઈએ છીએ.

## એક દેશમાં બે વિધાન, બે પ્રધાન અને બે નિશાન – નહીં ચાલે, નહીં ચાલે

સાથીઓ, ડૉક્ટર મુખર્જી, એક ભારત શ્રેષ્ઠ ભારત માટે પૂરી રીતે સમર્પિત હતા. અને એટલા માટે, જ્યારે દેશમાં બે વિધાન, બે પ્રધાન, બે નિશાનની વાત થઈ, તો ડૉક્ટર મુખર્જીએ આનો પણ જોરદાર વિરોધ કર્યો. તેમણે દેશને મંત્ર આપ્યો- એક દેશે દુઈ બિધાન, દુઈ પ્રોધાન એબોન્ગ દુઈ નિશાન, આમરા કોખોનો મેને નેબો ના એટલે કે “એક દેશમાં બે વિધાન, બે પ્રધાન અને બે નિશાન— નહીં ચાલે, નહીં ચાલે.” આ માત્ર એક નારો નહોતો. આ સમાન અધિકાર, સમાન બંધારણ અને સમાન રાષ્ટ્રીય ચેતનાનું આહ્વાન હતું. તેમણે પોતાના





## એક દેશ, એક બંધારણ માટે સંઘર્ષ કરનાર નેતાની વિરાસત – પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી

ડૉ. મુખર્જીનો ઉદ્દેશ્ય દેશને એક રાખવાનો હતો. વિભાજનના ગાળામાં તેમણે પશ્ચિમ બંગાળને ભારતનું અભિન્ન અંગ બનાવી રાખવા મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. થોડા વર્ષો પછી તેમણે જમ્મુ-કાશ્મીરની વિશેષ જોગવાઈ (કલમ ૩૭૦) વિરુદ્ધ પોતાનો સંઘર્ષ તેજ કર્યો. જેલ અને નજરકેદ પણ તેમના સંકલ્પને ડગાવી શક્યા નહીં. નજરકેદ દરમિયાન જ તેમનું નિધન થયું હતું. આચાર્ય વિનોબા ભાવેએ કહ્યું હતું કે તેમણે એ જ હેતુ માટે પોતાનું બલિદાન આપ્યું, જેના પર તેમને પૂરતો વિશ્વાસ હતો. દાયકાઓ પછી વર્ષ ૨૦૧૯માં કલમ ૩૭૦ અને ૩૫(A) હટાવવી એ તેમના પ્રત્યેની સાચી શ્રદ્ધાંજલિ હતી.

ડૉ. મુખર્જી સંવાદ અને વિચાર-વિમર્શની ભારતીય પરંપરાના પ્રબળ સમર્થક હતા. તેમણે પંડિત નેહરુની કેબિનેટમાં સામેલ થવાનું સ્વીકાર્યું, કારણ કે તેમના માટે રાષ્ટ્રનિર્માણ પ્રાથમિકતા હતી. તેમણે સંપૂર્ણ નિષ્ઠાથી પોતાની જવાબદારી નિભાવી. પરંતુ જ્યારે રાષ્ટ્રીય મહત્ત્વના પ્રશ્નો પર અલગ માર્ગ લેવો જરૂરી લાગ્યો, ત્યારે તેમણે ગરિમા સાથે રાજીનામું આપી દીધું. ૭૫ વર્ષ પહેલાં પંડિત નેહરુ પ્રથમ બંધારણીય સુધારો લાવ્યા હતા, ત્યારે ડૉ. મુખર્જી તેના સૌથી પ્રખર ટીકાકાર રહ્યા હતા. તેઓ સારી રીતે સમજી ગયા હતા કે કોંગ્રેસ કઈ હદ સુધી જઈ શકે છે. સમયની સાથે તેમની આ આશંકા સાચી સાબિત થઈ. જે પાર્ટી ૭૫ વર્ષ પહેલાં પ્રથમ બંધારણીય સુધારો લાવવા આગ્રહી હતી, તેણે જ ૧૯૭૫માં દેશ પર ઇમરજન્સી થોપી દીધી.

૧૯૪૩ના બંગાળના દુકાળમાં ડૉ. મુખર્જીએ મોટા પાયે રાહતકાર્યો કર્યાં હતાં. અનેક કેન્ટીન અને રિલીફ સેન્ટર શરૂ કરાયા હતા. ૧૯૪૨માં મેદિનીપુરમાં ભીષણ વાવાઝોડું આવ્યું ત્યારે તેમણે પ્રભાવિત વિસ્તારોમાં રાહતકાર્યનું નેતૃત્વ કર્યું હતું. કોલકાતાની એક કૉલેજમાં યુવાનોને સંબોધિત કરતાં ડૉ. મુખર્જીએ આગ્રહ કર્યો હતો કે, 'તમે જે પણ કાર્ય કરો, તેને પૂરી ગંભીરતા, લગન અને ઈમાનદારીથી કરો. કોઈ પણ કામ ક્યારેય અધૂરું ન છોડો. ત્યાં સુધી પોતાને સંતુષ્ટ ન માનો, જ્યાં સુધી તમે તેમાં તમારું સર્વશ્રેષ્ઠ યોગદાન ન આપી દો.' આજે આપણો દેશ 'વિકસિત ભારત'ના લક્ષ્ય તરફ ઝડપથી આગળ વધી રહ્યો છે. એવા સમયમાં તેમના પ્રત્યે આપણી સાચી શ્રદ્ધાંજલિ એ જ હશે કે આપણે રોજ એવા ભારતના નિર્માણની દિશામાં સતત પ્રયાસ કરીએ, જેની તેમણે કલ્પના કરી હતી. એક એવું ભારત જે સશક્ત હોય, એકજૂથ હોય, આત્મવિશ્વાસથી ભરપૂર અને સંવેદનશીલ હોય. દેશના યુવાનો પર મને પૂરો વિશ્વાસ છે કે તેઓ આ લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે ઉત્સાહભેર ભાગીદારી કરશે અને આ સંકલ્પને સાકાર કરવા પોતાની પૂરી ઊર્જા સાથે જોડાઈ જશે.

સિદ્ધાંતો માટે સંઘર્ષ કર્યો, જેલમાં ગયા અને અંતે કાશ્મીર માટે પોતાનું સર્વોચ્ચ બલિદાન આપ્યું. આજે આપણી સરકારને એ વાતનો ગર્વ છે કે આર્ટિકલ ૩૭૦ (અનુચ્છેદ ૩૭૦)ની દીવાલ પાડીને આપણે ડૉક્ટર મુખર્જીનું સપનું પૂરું કર્યું છે.

### ડૉક્ટર મુખર્જીની પ્રેરણાથી આજે ભારતનું બંધારણ સમગ્ર દેશમાં આન-બાન-શાન સાથે લાગુ છે

સાથીઓ, આજે જ્યારે આપણે એક ભારત, શ્રેષ્ઠ ભારતની વાત કરીએ છીએ, તો આ એ જ રાષ્ટ્રીય દૃષ્ટિનો વિસ્તાર છે, જેને ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીએ પોતાના જીવનથી વ્યાખ્યાયિત કર્યો. એક એવું ભારત- જ્યાં ઉત્તર અને દક્ષિણ વચ્ચે કોઈ અંતર ન હોય, જ્યાં પૂર્વ અને પશ્ચિમ, સમાન તકોના સહભાગી હોય, જ્યાં દરેક રાજ્ય પોતાની વિશિષ્ટ ઓળખ



સાથે ભારતની સામૂહિક શક્તિ બને. જ્યાં દરેક નાગરિક એક જ બંધારણ, એક જ રાષ્ટ્રીય ભાવના અને એક જ ભવિષ્યના સંકલ્પથી જોડાયેલો હોય. મને ખુશી છે કે ડૉક્ટર મુખર્જીની પ્રેરણાથી આજે ભારતનું બંધારણ સમગ્ર દેશમાં આન-બાન-શાન સાથે લાગુ છે અને કોટિ-કોટિ દેશવાસીઓને પ્રેરણા આપી રહ્યું છે.

## જો ભારતને આત્મવિશ્વાસુ રાષ્ટ્ર બનવું હોય, તો તેનું શિક્ષણ પણ ભારતીય આત્મા સાથે જોડાયેલું હોવું જોઈએ

સાથીઓ, ડૉક્ટર મુખર્જી આ વાતને સારી રીતે સમજતા હતા કે સંસ્થાઓના નિર્માણમાં જ રાષ્ટ્ર નિર્માણનું તત્ત્વ છુપાયેલું છે. માત્ર ૩૩ વર્ષની ઉંમરે ડૉ. મુખર્જી કલકત્તા યુનિવર્સિટીના સૌથી યુવા કુલપતિ બન્યા. પરંતુ તેમણે એ પદને માત્ર વહીવટી જવાબદારી ન માની. તેમણે યુનિવર્સિટીને ભારતના ભવિષ્યનું નિર્માણ કરનારી સંસ્થા તરીકે જોઈ. તેમણે શિક્ષણને ગુલામીની વિચારસરણીના દાયરામાંથી બહાર લાવવાનો પ્રયાસ કર્યો. તેમણે કહ્યું હતું - બોન્ગો-જાતિર આત્તોશોમ્માન પુનોર-ઉદ્ધાર, એબોન્ગ માતૃ-ભાષાર માધ્યોમે શિખ્ખાર પ્રોશાર એઈ આમાદેર પ્રોધાન લોક્ખો હોવા ઉચિત! એટલે કે બંગાળના લોકોનું આત્મસન્માન પરત લાવવું અને માતૃભાષામાં અભ્યાસ, આ આપણો પ્રથમ ઉદ્દેશ્ય છે. તેમનો વિશ્વાસ હતો કે જો ભારતને આત્મવિશ્વાસુ રાષ્ટ્ર બનવું હોય, તો તેનું શિક્ષણ પણ ભારતીય આત્મા સાથે જોડાયેલું હોવું જોઈએ. આ જ વિચાર સાથે તેમણે ભારતીય ભાષાઓને સન્માન આપ્યું. આજે આપણને એ વાતનો પણ ગર્વ છે કે નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ હેઠળ સ્થાનિક ભાષામાં અભ્યાસ પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. જે સપનું ડૉક્ટર મુખર્જીએ જોયું હતું, તે આપણી સરકારે પૂરું કર્યું છે.

## ડૉ. મુખર્જીએ એવી રાષ્ટ્રીય સંસ્થાઓનો પાયો નાખ્યો, જે આવનારા દાયકાઓ સુધી ભારતની આર્થિક શક્તિ બને

સાથીઓ, સ્વતંત્ર ભારતના પ્રથમ ઉદ્યોગ મંત્રી તરીકે તેમણે ઔદ્યોગિક વિકાસનું બહુ મોટું વિઝન (દૂરંદેશી) રાખ્યું હતું. તેમણે એવી રાષ્ટ્રીય સંસ્થાઓનો પાયો નાખ્યો, જે આવનારા દાયકાઓ સુધી ભારતની આર્થિક શક્તિ બને. ચિત્તરંજન લોકોમોટિવ વર્ક્સ એ ભારતની રેલવે વ્યવસ્થાને નવી ગતિ આપી. સિંદરી ફર્ટિલાઈઝર પ્લાન્ટે કૃષિ આત્મનિર્ભરતાની દિશામાં મોટું પગલું ભર્યું. દામોદર વેલી કોર્પોરેશન એ ઊર્જા અને સિંચાઈનો નવો અધ્યાય લખ્યો. ઇન્ડસ્ટ્રિયલ ફાઇનાન્સ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા (Industrial Finance Corporation of India – IFCI)એ ભારતીય ઉદ્યોગોને નાણાકીય આધાર આપ્યો.

સાથીઓ, તેમના માટે ઉદ્યોગો, ફેક્ટરીઓ, આ માત્ર કેટલીક મિલો કે કારખાનાં નહોતાં. યુનિવર્સિટીઓ, માત્ર ડિગ્રી આપનારી સંસ્થાઓ નહોતી. રિસર્ચ ઇન્સ્ટિટ્યૂશન્સ (સંશોધન સંસ્થાઓ), માત્ર વૈજ્ઞાનિક પ્રયોગોની જગ્યા નહોતી. તેમના માટે આ બધાં, રાષ્ટ્રનિર્માણનાં સાધનાકેન્દ્રો હતાં. ડૉક્ટર મુખર્જી, એવી સંસ્થાઓના પક્ષધર હતા, જે ટેલેન્ટ (પ્રતિભા) ને તક આપે. એવું શિક્ષણ, જે ઇનોવેશન (નવીનતા)ને પ્રોત્સાહન આપે. એવા ઉદ્યોગો, જે આત્મનિર્ભરતાનો આધાર બને. અને એવી વ્યવસ્થા, જે આવનારી પેઢીઓને વધુ સશક્ત ભારત સોંપી શકે. અને આ જ સ્પિરિટ (ભાવના), આજે વિકસિત ભારતની પણ પ્રેરણા છે.

સાથીઓ, આજના આ અવસર પર હું, બંગાળના, સમગ્ર દેશના મારા યુવા સાથીઓને કહીશ, ડૉક્ટર મુખર્જીએ એક ભારત માટે પોતાનું જીવન સમર્પિત કર્યું. આપણે બધાએ શ્રેષ્ઠ ભારત માટે જીવવાનું છે, આપણે મળીને વિકસિત ભારતનો સંકલ્પ સિદ્ધ કરવાનો છે. આપણે દેશને આત્મનિર્ભર બનાવવાનો છે. આ જ આહ્વાનની સાથે, એકવાર ફરીથી હું ડૉક્ટર મુખર્જીને નમન કરું છું. હું તેમના જ શબ્દોમાં મારી વાત સમાપ્ત કરીશ. આ ડૉક્ટર મુખર્જીના શબ્દો છે, આ તેમની ભાવના છે- જે કાજ એઈ હાતે નાઓ ના કેનો, તા અત્યોંતો ગુરુત્તો શહોકારે કોરતે હોબે એટલે કે જે પણ કામ હાથમાં લો, તેને પૂરી ગંભીરતાથી કરો, તન્મયતાથી કરો, પૂરી નિષ્ઠાથી કરો, કોઈ પણ કામ અધૂરું ના છોડો, તેને જરૂર પૂરું કરો. ડૉક્ટર મુખર્જીના શબ્દોમાં વહેતી આ ભાવનાની સાથે, તેમના જ આ શબ્દો સાથે આપ સૌને પણ ખૂબ-ખૂબ શુભેચ્છાઓ!

ખૂબ-ખૂબ ધન્યવાદ!



## આતંકવાદ સામે મોદી સરકારની ઝીરો ટોલરન્સ નીતિ હેઠળ વધુ એક મહત્ત્વપૂર્ણ પગલું – કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહના માર્ગદર્શન હેઠળ ગૃહ મંત્રાલયે વધુ ૨૩ વ્યક્તિઓને 'આતંકવાદી' જાહેર કર્યા

# શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભાજપ સરકાર ભારત અને તેના લોકોની સુરક્ષા માટે દરેક આતંકવાદી મોડ્યુલને ખતમ કરવા માટે પ્રતિબદ્ધ છે



આતંકવાદ સામે ઝીરો ટોલરન્સ નીતિ હેઠળ વધુ એક મહત્ત્વપૂર્ણ પગલું ભરતા, કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહના માર્ગદર્શન હેઠળ ગૃહ મંત્રાલયે વધુ ૨૩ વ્યક્તિઓને 'આતંકવાદી' જાહેર કર્યા છે. કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે ગૃહ મંત્રાલયના આ નિર્ણય પર જણાવ્યું હતું કે મોદી સરકાર ભારત અને તેના લોકોની સુરક્ષા માટે દરેક આતંકવાદી મોડ્યુલને ખતમ કરવા માટે પ્રતિબદ્ધ છે.

ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે X પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, "પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના આતંકવાદ સામે 'ઝીરો ટોલરન્સ'ના વિઝનને આગળ ધપાવતા, ગૃહ મંત્રાલયે આજે ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ ) અધિનિયમ (UAPA) હેઠળ પ્રતિબંધિત સંગઠનો સાથે જોડાયેલા ૨૩ ભયાનક આતંકવાદીઓને આતંકવાદી જાહેર કર્યા છે. આ જાહેર કરાયેલા આતંકવાદીઓ ભારતવિરોધી પ્રવૃત્તિઓમાં સામેલ છે, આતંકવાદી હુમલાઓ કરે છે, આતંકવાદને પ્રોત્સાહન આપે છે, હથિયારોની દાણચોરી કરે છે, સરહદ પારથી ઘૂસણખોરી કરે છે, આતંકવાદી સંગઠનોને ટેકો આપે છે, ભંડોળ એકત્ર કરે છે અને આતંકવાદીઓની ભરતી કરે છે. આજે જાહેર કરાયેલા ૨૩ આતંકવાદીઓમાંથી ૧૭ પાકિસ્તાની નાગરિકો છે અને ૬ ભારતીય નાગરિકો છે. જોકે, તે બધા હાલમાં પાકિસ્તાન અને પાકિસ્તાન કબજા હેઠળના જમ્મુ અને કાશ્મીરમાંથી આતંકવાદી પ્રવૃત્તિઓ ચલાવી રહ્યા છે. મોદી સરકાર ભારત અને તેના લોકોની સુરક્ષા માટે દરેક આતંકવાદી મોડ્યુલને ખતમ કરવા માટે પ્રતિબદ્ધ છે."

આ આતંકવાદીઓને ઔપચારિક રીતે આતંકવાદી જાહેર કરવાથી તેમના નાણાકીય નેટવર્ક, હિલચાલ, ભરતી ક્ષમતાઓ અને આતંકવાદ-સમર્થન પ્રવૃત્તિઓને વિક્ષેપિત કરીને આતંકવાદી ઇકોસિસ્ટમને તોડી પાડવામાં મદદ મળશે જ, પરંતુ રાષ્ટ્રવિરોધી અને આતંકવાદી પ્રવૃત્તિઓ સામે એક શક્તિશાળી અવરોધક બનવાનો સંદેશ પણ મોકલશે. વધુમાં, તે સુરક્ષા અને કાયદા અમલીકરણ એજન્સીઓની રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે સંકલિત કાનૂની, તપાસ અને નિવારક કાર્યવાહી શરૂ કરવાની ક્ષમતામાં વધારો કરશે .

વર્ષ ૨૦૧૯માં કેન્દ્ર સરકાર દ્વારા ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ, ૧૯૬૭ (UAPA)માં સુધારા પછી, આજ સુધીમાં કુલ ૫૭ વ્યક્તિઓને ઉપરોક્ત અધિનિયમની કલમ ૩૫ હેઠળ ઉપરોક્ત અધિનિયમની ચોથી અનુસૂચિમાં 'આતંકવાદી' તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

કેન્દ્ર સરકાર દ્વારા નીચેના ૨૩ વધારાના વ્યક્તિઓને ' આતંકવાદી ' તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે :

૧. મસૂદ ઇલ્યાસ કાશ્મીરી @ મુફ્તી મસૂદ ઇલ્યાસ @ મસૂદ



ઇલ્યાસ @ અબુ મોહમ્મદ @ એમ. મસૂદ ઇલ્યાસ પાકિસ્તાની નાગરિક છે અને જૈશ - એ - મોહમ્મદ (JeM) સાથે સંબંધિત છે. મૌલાના મસૂદ અઝહરનો વિશ્વાસુ સાથી અને કાશ્મીરમાં ઘૂસણખોરીનો મુખ્ય સંયોજક છે. તે યુવાનોને આતંકવાદી જૂથોમાં ભરતી કરવામાં અને સોશિયલ મીડિયા દ્વારા આતંકવાદી ભંડોળ એકત્ર કરવામાં સક્રિય છે. તેણે એપ્રિલ ૨૦૨૨માં જમ્મુના સંજવાનમાં પીડીપી ઓફિસ નજીક નાકા પાર્ટી પર હુમલો કર્યો હતો .

૨. મોહમ્મદ મુસાદિક @ ડૉક્ટર @ અબ્દુલ મનન @ સજ્જાદ @ હમઝા @ વાહિદ ખાન આરોપી પાકિસ્તાની નાગરિક છે અને તે જૈશ - એ - મોહમ્મદ (JeM) સાથે સંકળાયેલો છે. તે લસિન્યાકોટ સેક્ટરનો લોન્ચિંગ કમાન્ડર છે, જે સરહદ પારથી ટનલ દ્વારા ઘૂસણખોરીને સરળ બનાવે છે. તે ડ્રોન દ્વારા ભારતમાં શસ્ત્રો અને દારૂગોળાના માલ મોકલવામાં સામેલ રહ્યો છે . તે અયોધ્યામાં આરજેબી કેમ્પસ, નાગપુરમાં આરએસએસ મુખ્યાલય અને પાણીપતમાં આઇઓસીએલ રિફાઇનરી જેવાં વ્યૂહાત્મક સ્થળોની જાસૂસીમાં પણ સામેલ હતો .

૩. મુફ્તી મોહમ્મદ અસગર ખાન @ અબુ સાદ @ સાદ જીમી આરોપી પાકિસ્તાની નાગરિક છે અને તે જૈશ - એ - મોહમ્મદ (JeM) સાથે સંકળાયેલો છે અને તેની લશ્કરી પાંખનો વડા છે. તે જમ્મુના નાગરોટામાં ભારતીય સૈન્ય કેમ્પ પર થયેલા આતંકવાદી હુમલાના માસ્ટરમાઇન્ડ્સમાંનો એક છે. તે આતંકવાદીઓને જેહાદી અને લશ્કરી તાલીમ આપવા માટે મુઝફ્ફરાબાદમાં એક કેમ્પ ચલાવે છે.

૪. હાફિઝ અબ્દુલ શકૂર @ કારી જરાર તે પાકિસ્તાની નાગરિક છે અને જૈશ - એ - મોહમ્મદ (JeM)/ હરકત - ઉલ - મુજાહિદ્દીન (HuM) સાથે સંકળાયેલો છે. તેણે નાગરોટા આર્મી કેમ્પ પર હુમલા માટે સાંબા - કઠુઆ સેક્ટરથી ત્રણ પાકિસ્તાની આતંકવાદીઓને ઘૂસણખોરીમાં મદદ કરી હતી. તેણે ૧૯૯૫/૯૬ દરમિયાન અફઘાન યુદ્ધમાં ભાગ લીધો હતો અને ISIની મદદથી આતંકવાદી પ્રવૃત્તિઓનું સંકલન કરે છે. તે JeM ની ગવર્નિંગ કાઉન્સિલ (શૂરા)નો સભ્ય છે .

૫. અબ્દુલ્લા જેહાદી @ શાહનવાઝ @ અલ હિજામા ની રાષ્ટ્રીયતા પાકિસ્તાની છે અને જૈશ - એ - મોહમ્મદ (JeM) સાથે તેના સંબંધો છે. તે મુફ્તી અસગર ખાનનો સહ - કાવતરાખોર છે અને ઉત્તર કાશ્મીર ક્ષેત્રમાં આતંકવાદીઓની ઘૂસણખોરીને સરળ બનાવે છે. તેણે ભારત સરકાર સામે નફરત અને અસંતોષ ફેલાવવાનો પ્રયાસ કર્યો છે. તેણે કુપવાડા અને બારામુલ્લા જિલ્લામાં સ્થિત અનેક લોન્ચિંગ કેમ્પનું સંચાલન કર્યું હતું.

૬. ફિરદોસ અહેમદ ભટ તે ભારતીય નાગરિક છે ( હાલનું સરનામું : પાકિસ્તાન ) અને લશ્કર - એ - તૈયબા સાથે સંકળાયેલો છે . તે લશ્કર - એ - તૈયબાનો લોન્ચિંગ કમાન્ડર છે જે ૨૦૧૮માં માન્ય દસ્તાવેજોનો ઉપયોગ કરીને વાઘા બોર્ડર દ્વારા પાકિસ્તાન ભાગી ગયો હતો. તે નિયંત્રણ રેખા (LoC) પાર વિદેશી આતંકવાદીઓ માટે સલામત માર્ગનું સંચાલન કરે છે. તે ઓવર ગ્રાઉન્ડ વર્કર્સ (OGWs)ને શસ્ત્રો પણ પૂરાં પાડે છે અને દક્ષિણ કાશ્મીરના યુવાનોને આતંકવાદમાં ઉશ્કેરે છે અને ભરતી કરે છે.

૭. ગુલામ ફરીદ @ ગુલશન કુમાર @ ફરીદ તે પાકિસ્તાની નાગરિક છે અને જૈશ - એ - મોહમ્મદનો છે. તેણે ૨૦૦૧થી ૨૦૦૫ સુધી પાકિસ્તાની સેનામાં સેવા આપી હતી. ત્યારબાદ તે સપ્ટેમ્બર ૨૦૦૮માં બાંગ્લાદેશ થઈને ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશ્યો. ડિસેમ્બર ૨૦૦૮માં તેને જમ્મુમાં ધરપકડ કરવામાં આવી હતી અને બાદમાં જુલાઈ ૨૦૧૯માં તેને પાકિસ્તાન પરત મોકલી દેવામાં આવ્યો હતો.

૮. હારૂન રશીદ ગનાઈ @ શુનુ તે ભારતીય નાગરિક છે (હાલનું સરનામું : પાકિસ્તાન ) અને લશ્કર - એ - તૈયબા સાથે તેના સંબંધો છે. તે માર્ચ ૨૦૧૮માં માન્ય દસ્તાવેજો સાથે પાકિસ્તાન ગયો હતો અને લશ્કર - એ - તૈયબામાં જોડાયો હતો. તે કાશ્મીર ખીણના યુવાનોને આતંકવાદી રેન્કમાં જોડાવા માટે પ્રેરિત કરે છે અને આતંકવાદી પ્રવૃત્તિઓ કરવા માટે ઓવરગ્રાઉન્ડ વર્કર્સને શસ્ત્રો અને દારૂગોળો પૂરો પાડે છે .

૯. બિલાલ અહેમદ મીર @ અહેમદ ભાઈની રાષ્ટ્રીયતા ભારત (હાલનું સરનામું : મુઝફ્ફરાબાદ , પીઓકે) અને લશ્કર - એ - તૈયબા (એલઈટી) અને ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ (ટીઆરએફ) સાથે તેના સંબંધો છે. તે સરહદ પાર ( પાકિસ્તાન /પીઓકે) થી સ્થાનિક કાશ્મીરી યુવાનોને જેહાદ માટે ઉશ્કેરવાનું અને ઉશ્કેરવાનું કાવતરું ઘડે છે. વધુમાં, તે કાશ્મીર ખીણમાં શસ્ત્રો, દારૂગોળો અને લોજિસ્ટિક્સની ગેરકાયદેસર સપ્લાય ચેઇનના સંચાલનમાં સીધો સામેલ છે .

૧૦. આબિદ કયુમ લોન તે



ભારતીય નાગરિકતા ધરાવતો (હાલનું સરનામું - PoK) છે અને લશ્કર - એ - તૈયબા (LeT) સાથે તેના સંબંધો છે. તે ફેબ્રુઆરી ૨૦૨૦માં અટારી ચેક પોસ્ટ દ્વારા પાકિસ્તાન ગયો હતો અને પાછો ફર્યો નથી. તે જમ્મુ અને કાશ્મીરમાં સુરક્ષા દળો પર હુમલાઓની યોજના બનાવે છે અને LeT માટે ભંડોળ એકત્ર કરે છે. તે નિયંત્રણ રેખા (LoC) પર એક સંગઠિત સિન્ડિકેટ દ્વારા પાકિસ્તાનથી ભારતમાં મોટા પ્રમાણમાં માદક દ્રવ્યોની દાણચોરી કરે છે, જેમાંથી થતી આવકનો ઉપયોગ આતંકવાદી પ્રવૃત્તિઓને નાણાં આપવા માટે થાય છે.

૧૧. નઝીર અહમદ ગુજ્જર @ અબુ મનાઝીલની રાષ્ટ્રીયતા ભારત ( હાલનું સરનામું : ઇસ્લામાબાદ, પાકિસ્તાન) અને લશ્કર - એ - તૈયબા (LeT) સાથે સંકળાયેલ છે. તે ૨૦૦૬માં નિયંત્રણ રેખા પાર કરીને PoK ગયો હતો. તેણે ડોડા અને કિશ્તવાડ વિસ્તારોમાં આતંકવાદી પ્રવૃત્તિઓને પુનર્જીવિત કરવા માટે સ્થાનિક યુવાનોની ભરતી કરી હતી. તે સામ્બા અને આર.એસ.પુરા સેક્ટરથી ડ્રોનનો ઉપયોગ કરીને ભારતીય ક્ષેત્રમાં શસ્ત્રો અને દારૂગોળાના માલ મોકલવાનો મુખ્ય સંચાલક રહ્યો છે .

૧૨. અબ્દુલ રઉફ @ હાફિઝ અબ્દુલ રઉફ @ હાફિઝ અબ્દુલ રઉફ @ હાફિઝ અબ્દુર રઉફ તે પાકિસ્તાની નાગરિક છે અને લશ્કર - એ - તૈયબા (LeT) / જમાત - ઉદ - દાવા ( JUD) / ફલાહ - એ - ઇન્સાનિયત ફાઉન્ડેશન (FIF) સાથે સંકળાયેલો છે . તે ૧૯૯૯થી લશ્કર-એ-તૈયબાનો વરિષ્ઠ નેતા છે અને આતંકવાદી હાફિઝ સઈદના સીધા આદેશ હેઠળ કામ કરે છે. તે ફલાહ - એ - ઇન્સાનિયત ફાઉન્ડેશન (FIF) અને અલ - મદીનાહ વેલ્ફેર ટ્રસ્ટ જેવી સખાવતી સંસ્થાઓના આડમાં આંતરરાષ્ટ્રીય સ્તરે લશ્કર-એ-તૈયબા માટે ભંડોળ અને જાહેર સમર્થન એકત્ર કરે છે. યુનાઇટેડ સ્ટેટ્સે તેને સ્પેશિયલી ડેઝિગ્નેટેડ ગ્લોબલ ટેરરિસ્ટ (SDGT) જાહેર કર્યો છે .

૧૩. અશફાક અહેમદ @ ઇશફાક અહેમદ તે પાકિસ્તાની નાગરિક છે અને જૈશ - એ - મોહમ્મદ (JeM) સાથે સંકળાયેલો છે . તે ૨૦૦૦ માં જૈશમાં જોડાયો હતો અને બહાવલપુરમાં શુઆબા હદીસ અને અલ - રહેમત ટ્રસ્ટ ( જૈશની ચેરિટી વિંગ)નો હવાલો સંભાળે છે . તેણે પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં જેહાદી તાલીમ લીધી હતી. જાન્યુઆરી ૨૦૧૬માં પઠાણકોટ એરફોર્સ સ્ટેશન પર થયેલા હુમલા દરમિયાન ઉપયોગમાં લેવાયેલા પાકિસ્તાની મોબાઇલ નંબરોના સબ્સ્ક્રાઇબર્સમાંથી એક હોવાનું જાણવા મળ્યું છે .

૧૪. હાફિઝ ખાલિદ વાલીદ @ હાફિઝ ખાલિદ નાઈક @ ખાલિદ વાલિદ તે પાકિસ્તાની નાગરિક છે અને લશ્કર - એ - તૈયબા (LeT)/ જમતુ - ઉદ - દાવા (JuD) સાથે સંકળાયેલો છે . તે લશ્કરના વડા હાફિઝ મોહમ્મદ સઈદનો જમાઈ છે અને ૨૦૦૩ થી લશ્કરની કેન્દ્રીય સલાહકાર સમિતિનો સભ્ય છે. તે જૂન ૨૦૧૬ ના પમ્પોર હુમલાનો માસ્ટરમાઇન્ડ હતો , જેમાં સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (CRPF) ના આઠ કર્મચારીઓ શહીદ થયા હતા. ઓગસ્ટ ૨૦૧૨માં યુએસ ટ્રેઝરી વિભાગ દ્વારા તેને વૈશ્વિક આતંકવાદી તરીકે નિયુક્ત કરવામાં આવ્યો હતો .

૧૫. મૌલાના ઈમદાદુલ્લાહ મક્કી @ મૌલાના ઈમદાદ @ ઈમદાદ ભાઈ @ મૌલાના ઈમદાદુલ્લાહ તે પાકિસ્તાની નાગરિક છે અને જૈશ - એ - મોહમ્મદ (JeM) સાથે સંકળાયેલો છે . તે જૈશની કેદીઓની પાંખ ( શોભા - એ - અસીરાન ) નો અમીર અને સંગઠનનો કાનૂની બાબતોનો વડા છે. તે મૌલાના મસૂદ અઝહર અને તેના ડેપ્યુટી મુફ્તી અબ્દુલ રઉફ અસગરનો ખૂબ જ નજીકનો સાથી છે. તે જાન્યુઆરી ૨૦૧૬માં પઠાણકોટ એરબેઝ પર હુમલો કરનારા આતંકવાદીઓ સાથે વાસ્તવિક સમયના સંકલનમાં સામેલ હતો .

૧૬. મૌલાના સૈફુલ્લાહ ખાલિદ @ વલીઉલ @ મોહમ્મદ સલીમ @ વાજિદ તે પાકિસ્તાની નાગરિક છે અને લશ્કર - એ - તૈયબા (LeT)/ પાકિસ્તાન મરકઝી મુસ્લિમ લીગ (PMML) સાથે સંકળાયેલો છે . તે પાકિસ્તાન મરકઝી મુસ્લિમ લીગના મહાસચિવ છે અને અગાઉ મિલ્લી મુસ્લિમ લીગ (MML) ના પ્રમુખ તરીકે સેવા આપી ચૂક્યા છે . તે LeT અને જમાત-ઉદ-દાવા (JuD) ની અનેક પાંખોના વડા તરીકે સેવા આપી ચૂક્યા છે. એપ્રિલ ૨૦૧૮માં, અમેરિકાએ તેને તેની નિયુક્ત વૈશ્વિક આતંકવાદી ( SDGT) યાદીમાં ઉમેર્યો .

૧૭. મોહમ્મદ યાકુબ @ અબુ સુમામા @ સમામા ઇલ્યાસ @ વારિસ અલી તે પાકિસ્તાની નાગરિક છે અને લશ્કર - એ - તૈયબા (LeT) સાથે સંકળાયેલો છે. તે હાલમાં ઇસ્લામાબાદ ( ચટ્ટા બખ્તાવર ) થી લશ્કર-એ-તૈયબાના ઓપરેશન કમાન્ડર તરીકે કાર્યરત છે. તે ભારતમાં આતંકવાદી પ્રવૃત્તિઓ કરવા માટે કાશ્મીર ખીણમાં કાર્યરત અન્ય લશ્કર-એ- તૈયબા કેડર સાથે નાણાકીય અને લોજિસ્ટિકલ



સપોર્ટનું સંકલન કરે છે. તેની સામે શ્રીનગરના CI કાશ્મીર પોલીસ સ્ટેશનમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ ( UAPA ) હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે .

૧૮. મૌલાના યુસુફ તૈબી @ મોહમ્મદ યુસુફની રાષ્ટ્રીયતા પાકિસ્તાનમાં રહે છે અને લશ્કર - એ - તૈયબા (LeT)/ જમાત - ઉદ - દાવા (JuD) સાથે સંકળાયેલ છે. તે LeT/ JuD ના કેન્દ્રીય નેતા છે, જે હાલમાં સંગઠનના નિયંત્રણ અને સુધારણા (દાવત - ઓ - ઇસ્લાહ) પાંખ સાથે સંકળાયેલા છે. તે અગાઉ કરાચી સ્થિત સંગઠન જામિયા અલ - દિરાસત અલ - ઇસ્લામિયા ટ્રસ્ટ (JADIAT) ના વડા તરીકે સેવા આપી ચૂક્યા છે, જે LeT/JuD સાથે જોડાયેલ છે. તે હાલમાં લાહોરમાં અલ - કુદસિયા ઇસ્લામિક સેન્ટર સાથે સંકળાયેલા છે અને પંજાબના સરગોધા મરકઝ ખાતે શુક્રવારના ઉપદેશ ( ખુત્બા ) આપે છે .

૧૯. ઓવૈસ ફરૂઝ @ ઓવૈસ અહમદ મીર @ ઓવૈસ ફરૂઝ મીર તે ભારતીય નાગરિક છે અને લશ્કર - એ - તૈયબા (LeT) સાથે સંકળાયેલો છે. તે એપ્રિલ ૨૦૧૮માં માન્ય ભારતીય પાસપોર્ટ પર વાઘા બોર્ડર દ્વારા પાકિસ્તાનમાં પ્રવેશ્યો હતો અને લશ્કર-એ-તૈયબાના આતંકવાદી જૂથમાં જોડાયો હતો. જાન્યુઆરી ૨૦૨૩માં, તેના ભાઈ ફરઝાન ફિરોઝને શ્રીનગર પોલીસે ૪૫૦ ગ્રામ હેરોઈન (લગભગ ૯.૯૫ લાખ રૂપિયાની કિંમત) અને લશ્કર-એ-તૈયબાના લેટર પેડ સાથે ધરપકડ કરી હતી. NIA કોર્ટ, પુલવામા દ્વારા તેની વિરુદ્ધ કલમ ૮૨ CrPC હેઠળ જાહેરનામું જારી કરવામાં આવ્યું છે.

૨૦. કારી યાકૂબ શેખ @ કારી મોહમ્મદ યાકૂબ શેખ @ યાકૂબ શેખ @ કારી શેખ મુહમ્મદ યાકૂબ @ મોહમ્મદ યાકૂબ તે પાકિસ્તાની નાગરિક છે અને પાકિસ્તાન મરકઝી મુસ્લિમ લીગ (PMML) / જમાત - ઉદ - દાવા (JuD) સાથે સંબંધિત છે. તે જેયુડીનો કેન્દ્રીય નેતા છે અને તેની કેન્દ્રીય ' દાવતી ટીમ'નો સભ્ય છે. તેણે ૨૦૧૮ની પાકિસ્તાની સામાન્ય ચૂંટણી મિલ્લી મુસ્લિમ લીગ (MML)ના ઉમેદવાર તરીકે લડી હતી. તે સાઉદી અરેબિયામાં લશ્કર-એ-તૈયબા અને જેયુડી માટે ભંડોળ એકત્ર કરવાના મિશનમાં મુખ્ય રીતે સામેલ રહ્યો છે. ઓગસ્ટ ૨૦૧૨માં, અમેરિકાએ તેને વૈશ્વિક આતંકવાદી તરીકે નિયુક્ત કર્યો.

૨૧. રાણા ઇફ્તિખાર @ રાણા વાલીદ આતિફ @ રાણા ઇફ્તિખાર હૈદર @ રાણા ઇફ્તિખાર અહેમદ @ હૈદર ખાન તે પાકિસ્તાની નાગરિક છે અને લશ્કર - એ - તૈયબા (LeT)/ જમાત - ઉદ - દાવા (JuD) સાથે સંકળાયેલો છે. તે લશ્કર -એ-તૈયબાના વડા હાફિઝ સઈદનો નજીકનો સહયોગી અને તેના કાશ્મીર ઓપરેશન્સના મુખ્ય નાણાકીય વ્યવસ્થાપક છે. તે ' શોભા - એ - અસીરાન'નો હવાલો સંભાળે છે, જે એક પાંખ છે જે ભારતીય જેલોમાં માર્યા ગયેલા અને કેદ થયેલા આતંકવાદીઓના પરિવારોના કલ્યાણ માટે કામ કરે છે. જમ્મુ અને કાશ્મીરના મેંઢર સેક્ટરમાં એક એન્કાઉન્ટર દરમિયાન ઘાયલ થયા બાદ ૧૯૯૩ માં તેની ધરપકડ કરવામાં આવી હતી અને ૨૦૦૪ સુધી તે ભારતીય જેલમાં રહ્યો હતો.

૨૨. વસીમ નૂર જત @ કારી વસીમ તે પાકિસ્તાની નાગરિક છે અને જૈશ - એ - મોહમ્મદ (JeM) સાથે સંકળાયેલો છે. તે જૈશનો લોન્ચિંગ કમાન્ડર છે, જે કોટલી ઓપરેશનનું સંચાલન કરી રહ્યો છે. તે ૨૦૨૧-૨૨ દરમિયાન ભારતીય ક્ષેત્રમાં ડ્રોન ફેંકવાની પ્રવૃત્તિઓમાં સામેલ રહ્યો છે. તેને પહેલી વાર ઓક્ટોબર ૨૦૦૮ માં સુરક્ષા દળો દ્વારા ધરપકડ કરવામાં આવી હતી અને ૨૦૧૨ થી ૨૦૧૫ સુધી તે જમ્મુની કોટ ભલવાલ સેન્ટ્રલ જેલમાં બંધ હતો. તેની મુક્તિ પછી તેને પાકિસ્તાન મોકલી દેવામાં આવ્યો હતો.

૨૩. મોહમ્મદ શાહિદ ફૈઝલ @ ઉસ્તાદ @ મુહંદિસ @ ઝાકિર તે પાકિસ્તાની નાગરિક છે (મૂળ ભારતીય, હાલમાં રાવલપિંડીમાં સક્રિય છે) અને લશ્કર - એ - તૈયબા (એલઈટી)/ અલ - કાયદા/આઈએસઆઈએ સાથે તેના સંબંધો છે. તે ૨૦૧૨ના બેંગલુરુ લશ્કર-એ- તોયબા કાવતરું કેસ અને ૨૦૧૩ના નાંદેડ લશ્કર-એ-તોયબા કેસનો મુખ્ય માસ્ટરમાઇન્ડ અને હેન્ડલર છે, જેમાં જમણેરી રાજકારણીઓ અને પત્રકારોની લક્ષિત હત્યાનું કાવતરું ઘડવામાં આવ્યું હતું. તે ૨૦૧૩માં આતંકવાદી ફરહતુલ્લાહ ઘોરીની મદદથી પાકિસ્તાન ભાગી ગયો હતો. તપાસ મુજબ, તે રામેશ્વરમ કાફે બ્લાસ્ટ કેસ (૨૦૨૪), મેંગલુરુ કૂકર બ્લાસ્ટ અને અલ - હિંદ આઈએસઆઈએસ મોડ્યુલ કેસમાં ઓનલાઈન હેન્ડલર તરીકે સામેલ રહ્યો છે. તે સોશિયલ મીડિયા અને યુટ્યુબ/ ટેલિગ્રામ ચેનલો ( જેમ કે સવત અલ હક) પર રાષ્ટ્ર વિરોધી અને જેહાદી વીડિયો દ્વારા યુવાનોની ભરતી કરે છે.



# 'વન ડે - વન અસેમ્બલી'




## ભારતની યુવાશક્તિ, તેમની પ્રતિભા, નવાચાર અને સકારાત્મક વિચારસરણી જ વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવાની સૌથી મોટી તાકાત છે - પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

ભારતીય જનતા પાર્ટી ગુજરાતના પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ 'વન ડે - વન અસેમ્બલી'ના સંકલ્પ અંતર્ગત દાહોદ જિલ્લામાં સમાવિષ્ટ લીમખેડા વિધાનસભાની મુલાકાત લઈ વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહી કાર્યકર્તાઓ, યુવાનો, વિદ્યાર્થીઓ, ખેડૂતો તથા વરિષ્ઠ આગેવાનો સાથે સંવાદ સાધ્યો હતો.

શ્રી વિશ્વકર્માએ લીમખેડા વિધાનસભાના પ્રવાસ દરમિયાન પીપલોદ અને સિંગવડ ખાતે આયોજિત 'વિકસિત ભારત યુવા સંવાદ' કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત યુવાનો સાથે સંવાદ કર્યો હતો. આ પ્રસંગે તેમણે કહ્યું કે, ભારતની યુવાશક્તિ, તેમની પ્રતિભા, નવાચાર અને સકારાત્મક વિચારસરણી જ વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવાની સૌથી મોટી તાકાત છે. તેમણે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારતના વિઝનમાં યુવાનોને સક્રિય સહભાગી બનવા, પોતાના સામર્થ્યનો રાષ્ટ્રહિતમાં ઉપયોગ કરવા અને દેશના સર્વાંગી વિકાસમાં રચનાત્મક યોગદાન આપવા આહ્વાન કર્યું હતું.

શ્રી વિશ્વકર્માએ 'બૂથ સંવાદ' કાર્યક્રમમાં લીમખેડા અને સિંગવડ મંડળના ભાજપા સંગઠનના પદાધિકારીઓ, કાર્યકર્તાઓ તથા ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ સાથે ઊર્જાસભર સંવાદ કર્યો હતો. તેમણે બૂથના કાર્યકર્તાને ભાજપાના વિજયનો મજબૂત પાયો ગણાવી સંગઠનની મજબૂતી, કાર્યકર્તા આધારિત કાર્યપદ્ધતિ અને સુવ્યવસ્થિત સંગઠન વ્યવસ્થાના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો. સાથે જ કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓનો લાભ દરેક લાભાર્થી સુધી પહોંચે તે માટે કાર્યકર્તાઓને વધુ સક્રિયતા સાથે કાર્ય કરવાની હાકલ કરી હતી.

પ્રવાસ દરમિયાન શ્રી વિશ્વકર્માએ લીમખેડાના દાસા ગામે પ્રાકૃતિક કૃષિ અપનાવી રહેલા ખેડૂતો સાથે 'પ્રાકૃતિક કૃષિ સંવાદ' યોજી તેમની સાથે વિસ્તૃત ચર્ચા કરી હતી. તેમણે પ્રાકૃતિક ખેતીને પર્યાવરણ સંરક્ષણ, જમીનની ઉર્વરતા જાળવવા અને ખેડૂતોની સમૃદ્ધિ સાથે જોડાયેલી મહત્ત્વપૂર્ણ દિશા ગણાવી ખેડૂતોના પ્રયાસોની પ્રશંસા કરી હતી.

આ ઉપરાંત શ્રી વિશ્વકર્માએ લીમખેડા ખાતે પક્ષના વરિષ્ઠ આગેવાનો સાથે મુલાકાત કરી સંવાદ કર્યો હતો. દાહોદ જિલ્લાના પ્રવાસ દરમિયાન દેવગઢ બારીયાના મેઘરા ખાતે આવેલી અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળાની મુલાકાત લઈ શ્રી વિશ્વકર્માએ વિદ્યાર્થીઓ સાથે આત્મીયતાપૂર્વક સમય વિતાવ્યો હતો. તેમણે બાળકોને દેશના ઉજ્જ્વળ ભવિષ્યના મજબૂત સ્તંભ ગણાવતા નોટબુક તથા ફળોનું વિતરણ કર્યું હતું અને શિક્ષણ, સંસ્કાર તથા સર્વાંગી વિકાસના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો



## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકારે ખેડૂતોના હિતમાં વીજ ટાવર અને વીજ લાઇન માટેના વળતર અંગે લીધેલા ઐતિહાસિક અને સંવેદના સભર નિર્ણયો

# આ ઐતિહાસિક સુધારો રાજ્યની ભાજપા સરકારની ધરતીપુત્રો પ્રત્યેની સંવેદના, પ્રતિબદ્ધતા અને ખેડૂત-કેન્દ્રિત કાર્યપદ્ધતિનો વધુ એક પુરાવો છે - શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા



વીજ ટાવર અને વીજ લાઇન માટેના વળતર અંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકારે ખેડૂતોના હિતમાં લીધેલા ઐતિહાસિક અને સંવેદન સભર નિર્ણયોને શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ આવકારી રાજ્ય સરકારને અભિનંદન પાઠવ્યાં છે. શ્રી વિશ્વકર્માએ જણાવ્યું છે કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની ગુજરાતની ભાજપા સરકાર ખેડૂતોના હિતને સર્વોચ્ચ પ્રાથમિકતા આપતી સરકાર છે. વીજ ટાવર અને વીજ લાઇન માટેના વળતરમાં કરવામાં આવેલો આ ઐતિહાસિક સુધારો રાજ્યની ભાજપા સરકારની ધરતીપુત્રો પ્રત્યેની સંવેદનશીલતા, પ્રતિબદ્ધતા અને ખેડૂત-કેન્દ્રિત કાર્યપદ્ધતિ વધુ એક પુરાવો છે.

શ્રી વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, અત્યાર સુધી વીજ લાઇન માટે ખેડૂતોને જંત્રીના બમણા દરે વળતર ચૂકવવામાં આવતું હતું, જ્યારે હવે જંત્રીને બદલે જમીનની પ્રવર્તમાન બજાર કિંમતના બમણા ભાવે વળતર ચૂકવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તેમણે જણાવ્યું કે, વીજ ટાવરના બેઝ વિસ્તારની ગણતરીમાં હવે વધારાના એક મીટરનો સમાવેશ કરવામાં આવશે, જેના કારણે ખેડૂતોને વધુ વિસ્તારનું વળતર મળશે. ઉદાહરણરૂપે, ૭૬૫ કે.વી. લાઇનમાં અગાઉ ૬૨૫ ચોરસ મીટર મુજબ વળતર ચૂકવાતું હતું, જે હવે વધીને ૭૨૯ ચોરસ મીટર મુજબ ચૂકવાશે. શ્રી વિશ્વકર્માએ વધુમાં જણાવ્યું કે, અગાઉ વળતર ત્રણ તબક્કામાં ચૂકવવામાં આવતું હતું, જ્યારે હવે જમીનમાલિકોને શરૂઆતમાં જ એકસાથે ૧૦૦ ટકા વળતર ચૂકવવામાં આવશે. આ નિર્ણય ખેડૂતો માટે મોટી રાહત સાબિત થશે. તેમણે જણાવ્યું કે, ખેડૂતોની જમીનની વાસ્તવિક બજાર કિંમત પારદર્શક અને તટસ્થ રીતે નક્કી થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા માર્કેટ રેટ કમિટી (MRC) ની રચના કરવામાં આવશે, જેમાં કલેક્ટર, જમીનમાલિક અસરગ્રસ્ત ખેડૂતોના પ્રતિનિધિ, ઓથોરાઇઝડ માર્કેટ વેલ્યુઅર તથા ટ્રાન્સમિશન સર્વિસ પ્રોવાઇડરના પ્રતિનિધિને સ્થાન આપવામાં આવશે.

શ્રી વિશ્વકર્માએ જણાવ્યું કે, વીજ લાઇનના રાઇટ ઓફ વે (Right of Way) માટે પણ એમ.આર.સી. દ્વારા નક્કી કરવામાં આવેલી બજાર કિંમતના આધારે ગ્રામ્ય વિસ્તારમાં ૩૦ ટકા, નગરપાલિકા વિસ્તારમાં ૪૫ ટકા અને મહાનગરપાલિકા વિસ્તારમાં ૬૦ ટકા મુજબ વળતર ચૂકવવામાં આવશે. રાજ્ય સરકારે ઉદાર અભિગમ અપનાવી સ્પષ્ટ કર્યું છે કે જેમણે અગાઉ જૂના ધોરણ મુજબ વળતર મળી ચૂક્યું હોય હોય પરંતુ વીજ લાઇનનું કામ હજુ ચાલુ હોય, તેવા ખેડૂતોને પણ નવી નીતિનો લાભ આપવામાં આવશે.

### ભાજપના તમામ સક્રિય સભ્યો જોગ મનોગત સંદર્ભેની સૂચના

મનોગતનો આ વખતનો અંક ગુજરાત ભાજપના ૨૦૨૪થી ૨૦૩૦ સુધીના એક લાખ ઉપરાંતના તમામ સક્રિય સભ્યોને નવા લીસ્ટ પ્રમાણે મોકલવામાં આવ્યો છે.

આ અંકમાં લગાવેલ પોસ્ટીંગ ડીટેઈલ જેમ કે નામ, સરનામું વગેરે દરેક સક્રિય સભ્યએ ચેક કરવું, તેમાં કોઈ ફેરફાર હોય તો સક્રિય સભ્ય નંબર સાથે મનોગતના ઈમેઈલ આઈડી પર જાણ કરવી.

સાથી સક્રિય કાર્યકર્તાઓને પણ આ અંગે પૃચ્છા કરી કોઈપણ સક્રિય કાર્યકર્તાને અંક ન મળ્યો હોય કે સરનામામાં ફેરફાર હોય તો તે અંગે પણ ઈમેલ આઈડી પર જાણ કરવી

E-mail : manogat.1980@gmail.com



# કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ માય ભારત ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા મજબૂત ઉદ્યોગ-યુવા ભાગીદારી માટે આહ્વાન કર્યું





## માય ભારત પ્લેટફોર્મ દરેક યુવા ભારતીયને તકો સાથે જોડે છે

ડૉ. મનસુખ માંડવિયાએ જણાવ્યું હતું કે ભારતનો વસ્તીવિષયક લાભાંશ ત્યારે જ આપણી સૌથી મોટી તાકાત બની શકે છે જ્યારે સરકાર અને ઉદ્યોગ વચ્ચેની સક્રિય ભાગીદારી દ્વારા યુવાનોને સાર્થક તકો સાથે જોડવામાં આવે. "ભારતની આશરે ૬૫ ટકા વસ્તી ૩૫ વર્ષથી ઓછી ઉંમરની છે. આપણા યુવાનો ભારતની સૌથી મોટી તાકાત અને સોફ્ટ પાવર છે. તેમને માય ભારત પ્લેટફોર્મ દ્વારા ઉદ્યોગ જગત સાથે જોડીને આપણે તેમની ક્ષમતાઓને ઉજાગર કરી શકીએ છીએ અને વિકસિત ભારત@૨૦૪૭ તરફની યાત્રાને વેગ આપી શકીએ છીએ."

કેન્દ્રીય મંત્રીએ રેખાંકિત કર્યું હતું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા પરિકલ્પિત માય ભારત ડિજિટલ પ્લેટફોર્મ, એક સિંગલ વિન્ડો પ્લેટફોર્મ તરીકે ડિઝાઇન કરવામાં આવ્યું છે જે યુવાનોને શિક્ષણ, સ્વયંસેવા, નવીનતા, કૌશલ્યવિકાસ અને નેતૃત્વની તકો સાથે જોડે છે. તેમણે ઉદ્યોગ સંગઠનોને વિનંતી કરી હતી કે તેઓ યુવાનો માટે સંરચિત તકો ઊભી કરવા, સાહસિકતા અને પ્રાયોગિક શિક્ષણને પ્રોત્સાહન આપવા, ઔદ્યોગિક ક્લસ્ટરોની આસપાસ યુવા જોડાણને મજબૂત કરવા અને માય ભારતના સ્વયંસેવકો સાથે વાઇબ્રન્ટ વિલેજીસ (Vibrant Villages)ના વિકાસમાં ભાગીદાર બનવા માટે તેમની CSR પહેલોનો સક્રિયપણે લાભ ઉઠાવે. યુવાનોમાં માદક દ્રવ્યોના સેવનની સમસ્યાનો સામનો કરવાની જરૂરિયાત પર ભાર મૂકતા, તેમણે યુવાનોની ઊર્જાને રચનાત્મક રાષ્ટ્રનિર્માણ તરફ વાળવા માટે સરકાર, ઉદ્યોગ અને નાગરિક સમાજ દ્વારા સામૂહિક પગલાં લેવા આહ્વાન કર્યું હતું.

કોન્ક્લેવને સંબોધતાં યુવા બાબતો અને રમતગમત રાજ્ય મંત્રી શ્રીમતી રક્ષા નિખિલ ખડસેએ ઉદ્યોગ સંગઠનો અને સંસ્થાઓને તેમની યુવા પહેલોને માય ભારત ડિજિટલ પ્લેટફોર્મ સાથે સંકલિત કરવા હાકલ કરી હતી. "યુવા વિકાસ માત્ર કૌશલ્યવર્ધન પૂરતો મર્યાદિત નથી; તે જવાબદાર નાગરિકો તૈયાર કરવા વિશે છે જેઓ મજબૂત અને વધુ સમાવેશી ભારતના નિર્માણમાં સક્રિયપણે ભાગ લે છે. યુવા પહેલોને માય ભારત પ્લેટફોર્મ સાથે જોડીને, આપણે સુનિશ્ચિત કરી શકીએ છીએ કે તકો દેશના છેવાડાના વિસ્તારો સહિત દરેક યુવા નાગરિક સુધી પહોંચે."

તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે માય ભારત ભૌગોલિક સીમાઓથી પર રહીને પ્રતિભાશાળી યુવાનોને તકો સાથે જોડતા સેતુ તરીકે કામ કરે છે અને સંસ્થાઓને આ પ્લેટફોર્મ દ્વારા મંત્રાલયની ફ્લેગશિપ (મુખ્ય) પહેલોને સક્રિયપણે પ્રોત્સાહન આપવા વિનંતી કરી હતી. તેમણે નોંધ્યું હતું કે ઉદ્યોગ અને યુવાનો વચ્ચેનો મજબૂત સહયોગ નવીનતા, રોજગાર, સાહસિકતા અને સમુદાય વિકાસ માટે નવા માર્ગો ખુલશે.

યુવા બાબતોના વિભાગના સચિવ ડૉ. પલ્લવી જૈન ગોવિલે હાઈલાઇટ કર્યું હતું કે માય ભારત એક વ્યાપક ડિજિટલ ઇકોસિસ્ટમ તરીકે વિકસી રહ્યું છે જે યુવાનોની આકાંક્ષાઓને ઓળખે છે અને તેમને શિક્ષણ, સ્વયંસેવા, નવીનતા, સાહસિકતા અને રોજગારની તકો સાથે જોડે છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આ પ્લેટફોર્મ રોજગારી આપવાથી આગળ વધીને જવાબદાર નાગરિકો અને સક્રિય રાષ્ટ્ર-નિર્માતાઓનું ઘડતર કરે છે. તેમણે ઉદ્યોગ સંગઠનોને ઇન્ટર્નશિપ, મેન્ટરશિપ, હેકાથોન, કોડિંગ સ્પર્ધાઓ, ઇનોવેશન ચેલેન્જીસ અને અન્ય જ્ઞાન-આધારિત પહેલો માટે આ પ્લેટફોર્મનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કર્યા હતા, જે પ્રાયોગિક એક્સપોઝર પૂરું પાડે છે અને સાથે જ ઉદ્યોગોને ઊભરતી પ્રતિભાઓને ઓળખવામાં સક્ષમ બનાવે છે.



# વડોદરા ખાતે મીસા હેઠળ જેલવાસ ભોગવનાર લોકશાહીના પ્રહરીઓનું ભાજપે કર્યું સન્માન



'૨૫ જૂન - બંધારણ હત્યા દિવસ' નિમિત્તે ભાજપા દ્વારા વડોદરા સ્થિત પંડિત દીનદયાળ ઉપાધ્યાય નગરગૃહ ખાતે ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માના અધ્યક્ષસ્થાને વિશેષ સંમેલન યોજાયું હતું. આ પ્રસંગે મીસા હેઠળ જેલવાસ ભોગવનાર લોકશાહીના પ્રહરીઓનું મીસાવાસી શ્રી ગિરધારીલાલ કિશોરાણી, શ્રી જીતેન્દ્રભાઈ વ્યાસ, શ્રી રાજેન્દ્રભાઈ વ્યાસ, શ્રી પરમાનંદભાઈ સોની, શ્રી સુરેન્દ્રભાઈ શાહ, શ્રી અતુલભાઈ શેઠ તથા શ્રી ઉત્સવભાઈ પરીખનું શ્રી વિશ્વકર્માએ સન્માન કર્યું હતું.

પ્રદેશ અધ્યક્ષશ્રીએ જણાવ્યું હતું કે ૧૯૭૧ની લોકસભા ચૂંટણીમાં રાયબરેલી બેઠક પરથી ઇન્દિરા ગાંધીની જીત સામે સમાજવાદી નેતા રાજનારાયણે અલ્હાબાદ હાઈકોર્ટમાં અરજી કરી હતી. સરકારી મશીનરીના દુરુપયોગ સહિતના આરોપોમાં હાઈકોર્ટે ઇન્દિરા ગાંધીને દોષિત ઠેરવી તેમની ચૂંટણી ગેરકાયદેસર જાહેર કરી હતી તથા તેમનું સંસદ સભ્યપદ રદ કર્યું હતું. આગામી છ વર્ષ સુધી ચૂંટણી લડવા પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. આ નિર્ણય બાદ લોકશાહીની મર્યાદા સ્વીકારવાને બદલે સત્તા બચાવવા માટે કટોકટી લાદવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

તેમણે જણાવ્યું હતું કે સુપ્રીમ કોર્ટના આંશિક રાહત આપતા આદેશ બાદ ૨૫ જૂન, ૧૯૭૫ના રોજ દિલ્હીના રામલીલા મેદાન ખાતે લોકનાયક જયપ્રકાશ નારાયણે વિશાળ રેલી યોજી દેશવ્યાપી આંદોલનની હાકલ કરી હતી. તેના પ્રતિસાદરૂપે એ જ રાત્રે તત્કાલીન રાષ્ટ્રપતિની મંજૂરી મેળવી દેશમાં કટોકટી જાહેર કરવામાં આવી. વહેલી સવારે કેબિનેટની બેઠક બોલાવવામાં આવી અને ત્યારબાદ દેશભરમાં લોકશાહીના અવાજને દબાવવાની કાર્યવાહી શરૂ થઈ હતી.

શ્રી વિશ્વકર્માએ જણાવ્યું હતું કે કટોકટી દરમિયાન મીસા (MISA) કાયદાનો વ્યાપક દુરુપયોગ થયો હતો. એક લાખથી વધુ લોકોને કોઈ વોરંટ વિના જેલમાં ધકેલી દેવામાં આવ્યા હતા. ધરપકડ કરાયેલા લોકોને જામીન મેળવવાનો કે કોર્ટમાં પડકારવાનો અધિકાર પણ નહોતો. રાજકીય કાર્યકરો, સામાજિક આગેવાનો અને સામાન્ય નાગરિકોને માત્ર વિરોધ વ્યક્ત કરવા બદલ જેલમાં પૂરવામાં આવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે કટોકટી દરમિયાન પ્રેસ અને મીડિયાની સ્વતંત્રતા સંપૂર્ણપણે કચડી નાખવામાં આવી હતી. અનેક અખબારો અને સામયિકો પર સેન્સરશિપ લાદવામાં આવી હતી તથા વિદેશી પત્રકારોના દેશમાં પ્રવેશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. જે લોકો આજે અભિવ્યક્તિની આઝાદીની વાત કરે છે, તેમણે પોતાના ઇતિહાસ તરફ પણ નજર કરવી જોઈએ. નવી પેઢીને આ ઇતિહાસથી અવગત કરાવવો સમયની માંગ છે.

પ્રદેશ અધ્યક્ષશ્રીએ જણાવ્યું હતું કે જે લોકો આજે સંસદમાં બંધારણની મોટી ચોપડી બતાવીને પ્રજાને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરે છે, તેમણે પોતાના પક્ષના ઇતિહાસનું આત્મચિંતન કરવું જોઈએ. લોકશાહીના રક્ષક જ્યારે ભક્ષક બની જાય ત્યારે આવી સ્થિતિ સર્જાય છે. કોંગ્રેસના શાસનકાળે દેશે બંધારણ અને લોકશાહીની સૌથી મોટી યાતનાઓ જોઈ છે. આ કારણોસર 'બંધારણ હત્યા દિવસ' માત્ર ઇતિહાસને યાદ કરવાનો દિવસ નથી, પરંતુ લોકશાહીની રક્ષા માટે સતત જાગૃત રહેવાનો સંકલ્પ દિવસ છે. પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ કહ્યું હતું કે, લોકશાહીની રક્ષા માટે મીસાવાસીઓએ ભોગવેલી યાતનાઓ અને આપેલા ત્યાગને રાષ્ટ્ર હંમેશા યાદ રાખશે.

## પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ હસ્તે થયેલ સાણંદ ખાતે સેમિકન્ડક્ટરનું OSAT ફેસિલિટીના ઉદ્‌ઘાટનની તસવીરો











REGD. NO. GAMC 563/ 2024-26 VALID UP TO 31-12-2026 RNI NO. 38397/81 MANOGAT LICENCED TO POST WITHOUT PREPAYMENT NO.PMG/NG/077/2024-26 VALID UP TO 31-12-2026 PUBLISHED ON 10th & 25th OF EVERY MONTH AND PERMITTED TO POST AT AHMEDABAD UNACCOUNTABLE L1 ON 12/13/14 & 27/28/29th OF EVERY MONTH

## પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં યોજાયેલ કાર્યક્રમોની તસવીરો




**Editor : Publishers :**
Surendrabhai Motilal Patel
on Behalf of
Bharatiya Janta Party-Gujarat Pradesh
Published From
Bharatiya Janta Party-Gujarat Pradesh
J. P. Chowk, Khanpur, Ahmedabad-380001.